શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

એપ્રિલ' ૨૦૦૩


## ક્ષમાવાન બનો

'ક્ષમા વીરસ્ય ભૂષણમ્' એ ઉક્તિ કાંઈ આપોઆપ પ્રચલિત બની નથી. અનુભવના નિચોડ પછી અને એમાં રહેલા તથ્યો જોઈને આ ઉક્તિ પ્રચલિત બની છે.

જીવનમાં સુખ, શાંતિ, સફળતા વગેરે સમૃદ્ધિ મેળવવા માટે કેળવવા જેવા ગુણોમાં ક્ષમા-માફી આપવાનો ગુણ આગલા હરોળમાં આવે છે.

'ભૂલી જાઓ અને માફ કરો' એ સૂત્ર જીવનમાં અપનાવનાર ક્યારેય દુ:ખી થતો નથી. અશાંતિ, ઈર્ષા, બદલો લેવાની ભાવના વગેરે જીવનને હાનિકારક તત્વોથી એ અળગો રહે છે.

માત્ર વિચાર કરવાથી ક્ષમાવાન બનાતું નથી. એ માટે તો આત્મબળ કેળવવું જરૂરી છે અને તે પ્રયાસ કરવાથી સિદ્ધ થઈ શકે છે.



## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## નોટબુક રાહત યોજના

ગત વર્ષની મુજબ ચાલુ વર્ષે પણ આપ સૌની જરૂરિયાત ધ્યાનમાં રાખી બજાર કિંમત કરતા સસ્તા દરે નોટબુકનું વેચાણ રાખવામાં આવેલ છે.

**કોલેજ (લોંગબુક) ૧૮૮ પેજ ડઝન૧ના રૂા. ૮૦**
**જમ્બો નોટબુક મોટી સાઈઝ ૧૮૮ પેજ ડઝન ૧ના રૂા. ૪૦**

આ વેચાણ તા. ૧૮-૫-૦૩ રવિવાર થી તા. ૨૫-૫-૦૩ રવિવાર સુધી રાખવામાં આવેલ છે.

**શહેર વિભાગ**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ :** ૧૮૮/૧૨૦ અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ-૪.

**સમય :** સોમવારથી શનિવાર સાંજે ૭થી ૮ રવિવારે સવારે ૧૦ થી ૧૨:૩૦

**પરા વિભાગ**

**(૧) શાહ હેમેન્દ્ર રમણલાલ (ચકવા) :** સી-૩/૩૦૨, સુમેર નગર, એસ.વી. રોડ, બોરીવલી (વેસ્ટ)

**સમય :** રવિવારે સવારે ૧૦ થી ૧૨.૩૦

**(૨) પરીખ જશવંતલાલ મુળજીભાઈ :** ગોપાલભુવન પહેલે માળે, એસ.વી. રોડ, કાંદીવલી (વે)

**(૩)દેસાઈ હીમાંશુ હરીશભાઈ :** ૯/૧૨ ઘાસવાલા કમ્પાઉન્ડ, એમ.વી. રોડ, અંધેરી (ઈસ્ટ)

**સમય :** રવિવારે સવારે ૧૦ થી ૧૨:૩૦

***નોંધ :*** ચાલુ વર્ષે આવેલી પરીક્ષાના પરીણામની નકલ સાથે લાવવી જરૂરી છે. વહેલો તે પહેલોના ધોરણે નોટબુક આપવામાં આવશે.

***મંત્રી-શિરીષ પરીખ***
***સંયોજક : ગોપાલ કડકીઆ***



## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રી રસીકલાલ ચંદુલાલ પરીખ (સરકાર)
## નોટબુક રાહત યોજના

સંસ્થા દ્વારા ચાલતી ઉપર્યુક્ત યોજનામાં નોટબુકો આપવામાં આવે છે. આ યોજનાનો જે કોઈ વિદ્યાર્થી ભાઈ-બહેનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓને જણાવવાનું કે આઅંગેના નવા અરજીપત્રકો તા. ૧-૫-૦૩ થી ૨૦-૫-૦૩ સુધી સંસ્થાની ઓફિસમાં સંપૂર્ણ વિગત સાથે આપી જવા આ અગેના નવા અરજીપત્રકો સંસ્થાની ઓફિસમાં સંસ્થાના કાર્યાલયના સમય દરમ્યાન મળશે તથા સંયોજકની ઓફિસમાં મે. એલાઈડ ઈલેક્ટ્રીક કાું. ૨૯બી, ભાંગવાડી, બીજે માળે, કાલબાદેવી રોડ, મું-૨ ખાતે ઓફિસ સમય દરમ્યાન મળશે.

નોંધ : નોટબુક રાહત યોજના હેઠળ નોટબુકનું વિતરણ તા. ૨૫-૫-૦૩ના રવિવારે સંસ્થાની ઓફિસમાં કરવામાં આવશે. સમય : ૧૦થી ૧ જુના અરજીપત્રકો તથા તેની ઝેરોક્ષ કોપી સ્વીકારવામાં આવશે નહીં. નવા અરજીપત્રકો સ્વીકારવામાં આવશે. ચાલુવર્ષે આપેલી પરીક્ષાના પરિણામની નકલ અરજીપત્રક સાથે આપવાની રહેશે.

***મંત્રી : શિરીષ પરીખ, સંયોજક : ગોપાલ કડકીઆ***

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૪૪ | ૧ | ૧૪-૦૪-૨૦૦૩ |



નિખિલ પરીખ (તંત્રી)
જતીન ન. દેસાઈ
ચેતન કાં. મોદી
શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)
નિકેશ જ. ગાંધી

**પત્રવ્યવહારનું સરનામું**

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**
વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન
૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.
ફોન : ૨૪૪૪ ૯૯૧૬ ● ૨૪૪૪ ૯૯૨૯

*

મંત્રી : શીરીષ પરીખ
બ્લોસમ કાર્ડસ, ૮૮/E ખાડીલકર રોડ, ૪, નારાયણવાડી બિલ્ડિંગ,
કાંદાવાડી, મુંબઈ - ૪૦૦ ૦૦૪
**ટે.ઓ.:** ૨૩૮૬૦૦૨૯/૨૩૮૨૫૦૨૫● ઘર:૨૩૮૮૯૬૦૬
ફેક્સ : ૩૮૨ ૫૦૨૫

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮૭૦૦૬

**: સમય :**
સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)
**visit us at www.balasinor.org**


## જબ હમ હોંગે સાઠ સાલ કે....

*તંત્રીસ્થાનેથી*

*૫૫-૬૦ની રીટાયડમેન્ટની ઉંમર થાય અને આપણી સામે ટીવી પર જોયેલા નાટકોમાં, એનું ભયંકર સ્વરૂપ નજર સમક્ષ તરી આવે. જાણે હવે જીંદગીની ગાડીને બ્રેક લાગી જશે. જીંદગી ધીરે ધીરે અંત તરફ ઘસડાતી જશે. તરછોડાયેલા, નિસહાય થઈને હવે પછીના બાકી રહેલા વર્ષો વિતાવવા પડશે એનો ડર સતત મગજમાં ધુમરાયા કરે. રોજ સવારે દોડીને બસ કે ટ્રેન પકડવાની આદત હોય. દોડાદોડી અને ટેન્શનવાળુ જીવન હોય એ અચાનક શૂન્ય થઈ જાય. ઘર ખાવા ધાય, ઘરમાં વહુઓને, બાળકોને ભારરૂપ લાગીએ. આખી જીંદગી ટીફીનમાં ઠંડી ભાખરી ને શાક ખાધુ હોય પણ જ્યારે ગરમ રોટલી ખાવાનું નસીબમાં મળે ત્યારે વહુનો ચડેલો ચહેરો જોઈને એની પાછળનો આશય સમજાઈ જાય, ''આ ડોસલો આખો દાડો ઘરે બેસી રહે અને પછી ગરમ ગરમ રોટલી ખાવા જોઈએ.'' છોકરાની અને બાળકોની સગવડ સાચવવાની, ધરમ ધ્યાન કરવાનું, ટીવી ઉપર ક્યારેક સિરીયલો જોવાની બસ, દિવસો વિતાવવાના એમાં પણ જો પૈસા બનાવ્યા હોય અને ખાસતો છોકરાઓને ના આપી દીધા હોય તો વાંધો ઓછો આવે કદાચ ગરમ રોટલી મળી પણ જાય પણ જો પૈસાની તકલીફ હોય તો તો ભગવાન બચાવે છોકરાઓ અને વહુઓથી. જીંદગી ક્યારે ટુંકાઈ જાય એની જ રાહ જોવાની રહે.*

*જોકે આજકાલ સિનારીયો બલદાયો છે. ૪૫ થી ૫૦ થાય એટલે સાંસ્કૃતિક મંડળમાં પ્રવેશની*

આશા જાગે. ૬૦ થાય એટલે નાની-નાની પાર્કમાં પ્રવેશ મળશે એનો ઉત્સાહ જાગે. આજે વૃધ્ધોએ ખરેખર સીનીયર સીટીઝન તરીકે નવી જીંદગીની શરૂઆત કરી છે. આજના વડીલો પહેલેથી જ વૃધ્ધાવસ્થાની તૈયારી શરૂ કરી દે છે. સ્વાસ્થ્ય પ્રત્યેની જાગૃતિ ઘણી વધી છે. રોજ સવારે ચાલવા જવાની, હાસ્ય ક્લ્બોમાં જવાની કે સ્વીમીંગમાં જવાની પ્રવૃત્તિ વિસ્તરી છે. નાના નાની પાર્ક, ૫૫ PLUS જેવા કેટલાંયે મંડળો દ્વારા તેઓએ નવા સમવયસ્ક મિત્રો બનાવ્યા છે. વર્ષોથી અંદર રહેલી શક્તિઓ, કળા, રમુજવૃત્તિ બહાર આવી છે.

જન્મદિન હોય કે કોઈપણ ખુશીનો પ્રસંગ સરખેસરખા લોકો સાથે એની ઉજવણી થાય છે. જુદાજુદા કાર્યક્રમો, નાટકો, પીકનીકો, જાત્રાઓ યોજાય છે. બીજા માટે ઘણું જીવ્યા, હવે પોતાના માટે જીવીએ એવો ઉત્સાહ અને લાગણી થાય છે. સારા સારા પ્રવચનો ભગવદ્ સપ્તાહો, સત્સંગ મંડળો દ્વારા સત્સંગો યોજાય છે અને દિવસો આનંદમય રીતે પસાર થાય છે. પ્રવાસમાં, ટીકીટની લાઈનોમાં અને લગભગ બધી જગ્યાએ સીનીયર સીટીજનનો લાભ મળે છે. સ્ટેટસ મળે છે. પોતાના ભવ્ય દિવસો કે સારા માઠા જીવનના સંભારણા વાગોળવા માટે પોતાની ઉંમરના માણસો મળી રહે છે. ડૉક્ટરોની વિઝીટો અને રેગ્યુલર ચેકઅપ કેમ્પો યોજાય છે. કોઈપણ શારીરિક તકલીફો માટે એ તકલીફો ભોગવી ચુકેલા વડીલો પાસેથી માર્ગદર્શન મળી રહે છે. તબીયતથી કે સંજોગોથી દુઃખી માણસોને પોતાનાથી વધુ દુઃખી માણસોને મળીને સાંત્વન મળે છે. સાસુઓ, વહુઓ સાથે નહી પણ બીજી સાસુઓ સાથે મળીને સાસુ-વહુની સીરીયલોની ચર્ચા કરી શકે છે.

આપણા સમાજની વાત કરીએ તો સાંસ્કૃતિક મંડળ એક આર્શિવાદરૂપ સંસ્થા છે. વિવિધ કાર્યક્રમો યોજીને વડીલોને સાથે તો રાખે જ છે પણ ખાસ તો જે વડીલોએ પોતાના જીવનસાથીને જીવનસફરની અધવચ્ચે ગુમાવ્યા છે એના માટે એક મોટો આર્શીવાદ છે. છોકરા વહુઓ સાથે પીકનીક ઉપર કે પ્રવાસમાં એકલા જનાર વડીલોને થોડુંક અજુગતું અને થોડું સંકોચરૂપ લાગે છે. ભલે ગમે એટલી સગવડ સચવાતી હોય છતાં એકલાપણું લાગે છે. પણ સાંસ્કૃતિક મંડળના કાયક્રમોમાં અને ખાસ તો પ્રવાસ પર્યટનોમાં એકલા પડી ગયેલા વડીલો પણ સન્માનપુર્વક સમાઈ જાય છે. માંદગી વખતે પણ મોટું મિત્રવર્તુળ સાથ આપે છે. કહેવાય છે કે બાળક અને વૃધ્ધો બન્નેમાં ભોળપણ, નિર્દોષતા હોય છે. બન્ને ભગવાનની વધુ નજીક હોય છે. બાળક હમણાંજ ભગવાનને મળીને આવ્યું એટલા માટે, અને વૃધ્ધોને હવે ભગવાનને મળવા જવાનું છે એટલા માટે. કદાચ એટલેજ વૃધ્ધોને પોતાના પૌત્રો કે પૌત્રીઓ સાથે વધુ બનતું હશે. જેમ બાળકો રાજી થાય તો ભગવાન ખુશ થાય એમ વૃધ્ધોને પણ રાજી રાખવાથી ભગવાન ખુશ થાય છે અને આજના ખુશ ખુશાલ વૃધ્ધોને જોઈને આપણા સમાજ પ્રત્યે ભગવાન જરૂર ખુશ હશે એવું લાગે છે. એક વડીલે કહ્યું હતું એમ એક સજેશન છે. વૃધ્ધો પોતાની ખુશી, પોતાનો સમય જો વૃધ્ધાશ્રમોમાં રહેતાં બીજા વૃધ્ધો સાથે વહેંચે, હોસ્પીટલોમાં પોતાનો સમય આપીને બીજા વૃધ્ધોની તકલીફોમાં સહાયરૂપ બને અથવા તો નિરક્ષરોને ભણવામાં પોતાના થોડો સમય ફાળવે તો સોનામાં સુગંધ ભળે. બાકી આજના વૃધ્ધોને પેલું જુનું ફિલ્મી ગીત ગાતા જોઈને સુખદ ઈર્ષા થાય છે.

***જબ હમ હોંગે સાઠ સાલ કે ઓર તુમ હોંગી પચપનકી***
***બોલો પ્રીત નિભાવોગે તુમ તબભી અપને બચપનકી***

**✍નિખિલ પરીખ**

# પત્ર

પ્રિય અમી,

મજામાં જ હશે.

તારા પત્રની રાહ જોતી હતી, ત્યાં જ મીઠાસભરી ખૂશબુ વાળો તારો પત્ર મળ્યો.

અમી, Congratuation

સાહિત્ય સ્પર્ધામાં તું વિજેતા બની જાણી ખૂબ જ આનંદ થયો. એટલા માટે કે પુરસ્કારરૂપી પ્રશંસાના શબ્દો તારી કલમને ઓર ધારદાર બનાવશે.

મને તેઓને પણ અભિનંદન આપવાનું ગમશે જેમને આવી અનોખી સ્પર્ધા યોજવાનો વિચાર સ્ફૂર્યો અને તેઓનો પણ આભાર માનીશ કે જેઓએ આ વિચારને અમલમાં મૂકી સાહિત્ય સ્પર્ધા યોજી.

અમી, કહેવાય છે કે 'વાંચનથી માણસનુંવ્યક્તિત્વ ખીલી ઉઠે છે. પણ લેખન એ માણસને સંપૂર્ણ બનાવે છે.' વાંચનથી સાહજિકપણે શબ્દભંડોળનો વિકાસ થાય છે. જેટલાં શબ્દો વધારે જાણીશું એટલી ભાષાની ઈમારત વધુ દેખાવડી બનશે અને લખાણ પણ સચોટ અને ભાવાત્મક લખાશે. શબ્દ કોઈ નિર્જીવ ચીજ નથી. એનો વિકાસ થતો હોય છે. એકેએક શબ્દની પોતાની કથા હોય છે. પ્રત્યેક શબ્દને પોતાનું વ્યક્તિત્વ હોય છે. એટલે જ કુશળતાપૂર્વકનાં લેખનનો સંબંધ પુષ્કળ વાંચન સાથે છે.

અમી, લેખન એ અભિવ્યક્તિનું પાવરફુલ માધ્યમ, કોમ્યુનિકેશન મિડિયા છે. રસપ્રદ અને સર્જનાત્મક રીતે લખવાનું શીખવું એ એક કલા છે. લેખનની આવડત આપણને દરેક ક્ષેત્રમાં કામ આવે છે. તેનાથી પોતાનાં વિચારોને સારી રીતે વ્યક્ત કરી શકાય છે અને વ્યક્તિની સાક્ષરતા અને કુશાગ્રતા બોલી ઉઠે છે, વળી વ્યક્તિનાં મનની મુંઝવણ ઓછી થઈ દુઃખમાં રાહત આપે છે.

હૃદયની ઉર્મિમાંથી પ્રગટ થતાં લખાણો જે વિચાર શીલ, લાગણીસભર અને સંવેદનશીલ હોય તેમાં લોકોને આકર્ષવાની ગુણવત્તા હોય છે. મનની લાગણી સાથે વિચારોનું વલોણું કરીને જે લખાણ લખવામાં આવ્યું હોય તે તો અમૂલ્ય હોય છે તેથી જ કલમને તલવાર કરતાંય વધુ શક્તિશાળી શસ્ત્ર કહેવાયું છે. જે કોઈ વ્યક્તિ પોતાની કલમનો અસરકારક રીતે ઉપયોગ કરતાં શીખી લે તે ઘણાં મોરચે જીત મેળવી શકે છે.

અમી, સમજદાર માણસો જિંદગીભર શીખે છે, બોધ લે છે તે ક્યારેય દુઃખી થતો નથી.

- કરોળીયા પાસેથી શીખવું જોઈએ કે સાત વખત નીચે પડવા જતાં આઠમી વખત તો તે જાળું બાંધી જ લે છે.
- ઘડિયાળ પાસેથી શીખવું જોઈએ કે સમય ચુકશે તો કિંમત જતી રહેશે.
- સૂર્ય શીખવે છે નિયમિતતા.
- ચંદ્ર શીખવે છે શીતલ બનવાનું.
- અગરબત્તી શીખવે છે જાતે ભોગ આપી બીજાને સુવાસ પ્રસરાવવાનું.

અમી, યાદ રાખવા જેવું એક સુંદર વાક્ય છે.

'સફળતા મળે ત્યારે તેની સાથે રહેલાં નાના નાના છીદ્રો સમારકામ કરવાનું ક્યારેય ભૂલશો નહીં. નહીં તો તમે મેળવેલી સફળતા એ જ નાના નાના છીદ્રો વડે સમુદ્રમાં વહી જશે અને તમારું જહાજ મઝિલે પહોંચે તે પહેલાં જ મધદરિયે ડૂબી જશે.'

A thousands mile journey starts with one step.

તારા દીકરાને મારો પ્યાર

એજ, ધરા.

# કૃષ્ણનું જીવન સંગીત

- *મંગળદાસ પરીખ*

તમે તમારી વયમાં કયું સુંદર પુસ્તક વાંચ્યું છે અને એમાં તમને વિશેષ શું ગમ્યું છે. અને તે શા માટે ?

## પુસ્તક અને તેના વિશે

ઉપરનો વિષય ગહન છે અને વિશાળ છે. આ જીવનમાં જેને વાંચનનો શોખ છે તેને ઘણાં પુસ્તકો વાંચ્યાં હોય અને તેમાંથી એકની પસંદગી અને વિચારો રજુ કરવાના એ એક મહાભિનિશ્ક્રમણ છે છતાં વિષયને ન્યાય આપવા મારે લખવાનું છે કે મેં છેલ્લે એક પુસ્તક વાંચ્યું છે - 'કૃષ્ણનું જીવન સંગીત' ડૉ. ગુણવંત શાહે લખેલું આ પુસ્તક એટલે આબેહુબ ગીતાનું ચરિત્રણ. ગીતાના અઢારે અધ્યાયનું સુંદર વિશ્લેષણ છે.

જ્ઞાન, કર્મ અને ભક્તિના પ્રયોગરૂપ ગીતા આપણને આપણા કર્તવ્યનું, જ્ઞાનનું, ગતિનું અને પ્રાપ્તીનું યોગદાન કરે છે તેમાં શાશ્વત મુલ્યોની પ્રતિષ્ઠા થઈ છે. એટલું જ નહીં ગીતા સ્વધર્મના આચરણ દ્વારા પોતાનામાં રેહલા કૃષ્ણને પામવાનો કીમીયો બતાવે છે. ભક્તિ એટલે પ્રેમનું ઈશ્વરીકરણ અને હૃદયગમ્ય એવી દિવ્ય સાબિતિ તે પ્રેમ. પ્રેમ એ જ સત્ય છે, પ્રેમ એ જ સૌંદર્ય છે. પ્રેમ એ જ શિવ છે, પ્રેમ એ જ ઈશ્વર છે એમ કવિની જ ભાવના દ્રષ્ટિએ નહીં પણ તર્કદ્રષ્ટિએ સિદ્ધ થાય છે.

ગીતામાં કૃષ્ણ કહે છે સંભવામિ યુગે યુગે. એનો અર્થ જ કૃષ્ણ નવે નવે સ્વરૂપે પ્રગટ થતા રહે છે. પ્રત્યેક યુગે નવું અવતાર કૃત્ય લઈને કૃષ્ણ ભલે આવતા પણ કૃષ્ણ પાછા આવે તો એમનું સ્વરૂપ કેવું હોઈ શકે ? આપણને કૃષ્ણ કોઈપણ સ્વરૂપે ગમે તે જે કંઈ કરી શકે તે બીજા દેવો ન કરી શકે. કૃષ્ણ માખણ ખાય, બંસરી વગાડે, ગોપીઓ સાથ રાસ રમે, તેમનાં વસ્ત્રાહરણ કરે, તેમની મટકી ફોડે, રાક્ષસોના વધ કરે, કંસનું અભિમાન હરી તેને યમસદન પહોંચાડે, પુતનાને ધાવે અને તેને પણ મુક્તિ આપે. શીશુપાલનો વધ સુદર્શનથી કરી શકે અને મહાભારતના યુદ્ધમાં હાથમાં રથનું પૈડું લઈને ભીષ્મને મારવા દોડે - પોતાના ભક્તની રક્ષા કરવા પોતાની પ્રતિજ્ઞા તોડે. રાજસૂય યજ્ઞમાં એઠાં પતરાળાં ઉપાડે, અર્જુનના સારથી બની રથને હાંકે આમ જીવનના પ્રત્યેક ક્ષેત્રે કૃષ્ણ કાર્યશીલ છે.

વિષ્ટીકરાર કરવા જતાં ધૃતરાષ્ટ્રને ત્યાં ભોજન કર્યું નથી. છપ્પન ભોગને છોડીને તેઓ વિદુરજીને ત્યાં ગયા છે. બની શકે તેટલી નમ્રતાથી સભામાં સમાધાનના યુદ્ધની બધી શરતો નાકામયાબ બની ત્યારે તેઓ ખિન્ન હૃદયે વિદાય લેતાં દુર્યોધને કૃષ્ણને પકડવાની કોશીશ કરી ત્યારે કૃષ્ણે પોતાનું વિરાટ સ્વરૂપ બતાવ્યું છે. યુદ્ધ ટાળવાની ઘણી કોશીશ કરી છે.

યુદ્ધની સમસ્યા એ જીવ પ્રત્યેના પ્રેમના અભાવમાંથી પરીણમી છે. સંબંધ વિચ્છેદની સમસ્યાએ પોતાની જાત પોતાના સ્વ પ્રત્યેના પ્રેમના અભાવમાંથી ઉભી થઈ છે. કૃષ્ણ આપણને ભક્તિ યોગ તરફ લઈ જતાં કહે છે કે ભક્તિ યોગ એટલે પ્રેમને માર્ગે પરમ સમીપે પહોંચાડનારો યોગ ભક્તિયોગ એ જ પ્રેમ યોગ છે. પ્રવાસમાં ભક્તિ ઉમેરતાં યાત્રા બને છે, ભોજનમાં ભક્તિ ઉમેરતાં પ્રસાદ બને છે, શ્રમમાં ભક્તિ ઉમેરતાં તે શ્રમયજ્ઞ બને છે. નિરાહારમાં ભક્તિ ભળતાં ઉપવાસ બને છે. મકાનમાં ભક્તિ ઉમેરતાં મંદિર બને છે પત્થરમાં ભક્તિ ઉમેરતાં શાલીગ્રામ બને છે, ત્યાગમાં ભક્તિ ભળતાં આનંદ બને છે. કર્મફળ ત્યાગ, વત્તા ભક્તિ એટલે શાંતિ.

આ પુસ્તક ઉમેરે છે કે ધર્મ અને કર્મ પ્રત્યેની

શ્રદ્ધા એ જ મુખ્ય મંત્ર છે. શ્રદ્ધાની સંપૂર્ણ પરિણતિ શરણાગતિમાં જ થાય. શરણાગતિ દ્વારા શાશ્વતી સાથેનું અનુસંધાન રચાતું રહે તે અવસ્થાને મોક્ષ સન્યાસ કહે છે. આપણા સમગ્ર અસ્તિત્વને શ્રદ્ધાપૂર્વક સમર્પી દેવાનું એક માત્ર સ્થાન તે શ્રી કૃષ્ણ જ છે. એ જ આપણું પરમધામ એ જ આપણી પરમગતિ. અર્જુનને યુદ્ધમાં અંતિમક્ષણમાં સંપૂર્ણ માર્ગદર્શન કરનાર અને સુદામાને તેને ઐશ્વર્યની લહાણ કરી છે, આવો સખાભાવ બીજે ક્યાંય જોવા મળતો નથી. પ્રત્યેક યોગ સમજાવતાં લેખક ગીતાનો આધાર લઈ કહે છે વિષાદ સાથે યોગ જોડવો જેવી તેવી વાત નથી. ગીતાનો સંદેશ એ છે કે જો આપણામાં અર્જુન જેટલી ઋજુતા હોય અને શરણાગતિની ભાવના હોય તો આપણો વિષાદ પણ વિષાદયોગ બની શકે છે. અર્જુનનો વિષાદ કસમયનો છે. પણ મુલ્યવાન છે. પુરા અઢાર અધ્યાયની માથાકુટને અંતે અર્જુન કૃષ્ણને કહે છે કરિષ્યે વચનં તવ. અર્જુન વિષાદ યોગ એ વાસ્તવમાં આપણા સહુનો વિષાદયોગ છે. યુદ્ધ આપણો ઈતિહાસ અને શાંતિ આપણું શમણું છે.

કૃષ્ણે આપણને હંમેશા કાર્યરત રહેવા કહ્યું છે. સદીઓ પહેલાં ઈશુએ કહેલું,

split wood I, am there, light up the stone and you will find me there આમ શ્રમની મહત્તા સમજાવી છે. ઉંડી શ્રદ્ધાપૂર્વક પ્રભુમય બનીને મચ્યા રહેનારા ભક્તો પ્રત્યે કૃષ્ણનો ખુલ્લો પક્ષપાત છે. એક મિત્ર ખ્રિસ્તી લોક કથામાં પ્રભુ ભક્તને કહે છે કે હું પાછળ ચાલીશ અને તારી સંભાળ રાખીશ. ભક્ત ચાલતો રહે અને જોતો રહે કે પોતાના પગલાંની સાથે પ્રભુનાં પગલાં પણ દેખાય છે. વચ્ચે વચ્ચે એવું થયું કે એને પગલાંની એક જ હાર દેખાઈ. બીજાં પગલાં ન દેખાયાં. ભક્તને ભારે મુંજવણ થઈ. એણે ભગવાનને વાત કહી. ભગવાને કહ્યું, 'હું સદાય તારી પાછળ જ હતો પણ જ્યારે તે પગલાંની એક જ હાર જોઈ તે ગાળામાં મેં તને ઉંચકી લીધો હતો.' બધી ફિકર ઉપરવાળાને સોંપી દઈ નીંરાતે મસ્તીથી તાણમુક્ત જીવવાની કળા ભક્તિયોગ શીખવાડે છે.

## વિશેષ શું ગમ્યું :-

ગોપીઓ રાસ રમે, અને કૃષ્ણ પણ રમે, પરંતુ કૃષ્ણ કેન્દ્ર ઉપર ઉભા હોય. ગોપીઓ ઘૂમતી રહે ખરી પણ બધાની નજર કેન્દ્રમાં ઉભેલા કૃષ્ણ પર. ગોપીઓની આ કેન્દ્રવર્તી શ્રદ્ધા (faith) દ્રઢ કરીને આપણે તર્ક બુદ્ધિના અને વિજ્ઞાનના ગરબામાં ઘૂમવાનું છે. તર્ક બુદ્ધિના ઉપાચ્ય દેવ એવા વિજ્ઞાન દ્વાર, રોકેટ સર્જાઈ શકે પરંતુ શ્રદ્ધા વગર રોકેટમાં બેસનાર અવકાશ યાત્રી ન જ મળી શકે. પંરતુ શ્રદ્ધા અને તર્ક બુદ્ધિ બે પાંખો છે. ઉડ્ડયન માટે એ બંને આવશ્યક છે. સોકેટીસમાં આ બન્નેનો સમન્વય હતો.

*અનન્યાશ્રિન્તયન્તોમાં યે જનાઃપર્યુપાસતે,*
*તેષાં નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ।।*

પ્રભુ ભક્તોના યોગક્ષેમની કાળજી અવશ્ય લે છે અને છેવટે ખાતરી પણ આપે છે-

અન્તકાલેચ મામેવ, સ્મરણ મુકત્વા ક્લેવરમ
ય પ્રયાતિ સ મદભાવં યાતિ નાસ્તિત્યત્ર શંસયઃ

ગીતામાં કૃષ્ણ વિશ્વાસ સાથે વચનબદ્ધ છે કે ભક્તો પોતાનું સ્મરણ કરતાં દેહ છોડે છે તે મારામાં આવી મળે છે. કેટલી બધી જબરજસ્ત વાત કહી છે.

ભગવાન આ સૃષ્ટિનો અધ્યક્ષ છે એ કલ્પના મજાની છે. એ અધ્યક્ષને કબીરજીએ 'સાહેબ' કહ્યો. કબીર એક જ સાહેબને ઓળખે, બીજા કોઈ સાહેબને તેઓ ગણે નહીં. આપણા તો સાહેબો અનેક ભગવાન છેલ્લે નંબરે! બાકી આ સૃષ્ટિનો અધ્યક્ષ એક જ અને તે

શ્રી કૃષ્ણ.

મૃત્યુ રડાવતું નથી, આશક્તિ રડાવે છે. કોઈકે બુદ્ધને કહ્યું અમને મૃત્યુનું રહસ્ય કહો. જવાબ મળ્યો જીવનનું રહસ્ય જાણો એટલે મૃત્યુનું રહસ્ય મળી જશે. જીવન મૃત્યુ પ્રતિક્ષણ એકબીજામાં એવાતો ઓતપ્રોત છે કે એમને એક સાથે જ સમજવાં રહ્યાં. પ્રતિક્ષણ મૃત્યુ તરફ દોડતી ટ્રેનમાં આપણે મુસાફરી કરી રહ્યા છીએ.

***હૈ બહારે બાગ દુનિયા ચંદ રોજ !***
***દેખલો ઈસકા તમાશા ચંદ રોજ !***
***યાદ કર તું એ નજીર કબરોકો રોજ***
***જિન્દગીકા હૈ ભરોસા ચંદ રોજ.***

## અને તે શા માટે ?

જીવનમાં શું ઉત્તમ છે, મોતમાં શું સુંદર છે. માયા આપણું મૃત્યુ બગાડે છે. જીવન દરમ્યાન મરણનું સ્મરણ રહેતું નથી ઘણા માણસો પૈસા કમાવવામાં એટલા મશગુલ છે કે તેઓ પાસે પૈસા ખર્ચવાનો સમય પણ નથી હોતો. એટલે તો કહે છે ‘જીદગીના રસને જલદી પી જજો મરીઝ

એક તો ઓછી મદીરાને ગમતું જામ છે.’ અને વળી પ્રભુને ઘરે જવાનું છે તો કવિએ સરસ વાત લખી છે,

***‘કરલે સિંગાર ચતુર અલબેલી,***
***સાજન કે ઘર જાના હોગા’***

પ્રત્યેક ક્ષણ એક અર્થમાં પૂર્વ જન્મની ક્ષણ છે. એ ક્ષણે પુરી માત્રામાં જીવવું એ છે ક્ષણયોગ. કહે છે કે પતંગીયું દિવસો કે વર્ષોમાં નહીં પરંતુ ક્ષણોમાં જીવે છે અને તોય એની પાસે પુરતો સમય હોય છે.

# સરસ્વતીચંદ્ર

***- કલ્પના પિયુષ દેસાઈ***

તમે તમારી વયમાં કયું સુંદર પુસ્તક વાંચ્યું છે અને એમાં તમને વિશેષ શું ગમ્યું છે. અને તે શા માટે ?

મેં સરસ્વતીચંદ્ર પુસ્તક જે ચાર ભાગમાં વહેંચાયેલું છે તે પુસ્તક મારી જીંદગીનું યાદગાર નઝરાણું છે. તેના મહાન લેખક સ્વ. શ્રી ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી છે.

ધનાઢય વેપારી લક્ષ્મીનંદન અને અપરમા ગુણસુંદરીનો પુત્ર એટલે સરસ્વતીચંદ્ર પણ મૂળ નામ નવીનચંદ્ર છે. અંગ્રેજી શિક્ષણ પામેલો નવયુવાન છે. તેની સગાઈ વિદ્યાચતુરની દીકરી કુમુદ સાથે હતી. કુમુદ પણ ગુણીયલ, રાંક અને ચતુર હતી. પણ અપરમા ગુણસુંદરીનો કર્કશ સ્વભાવ અને અભિમાની હોવાથી સરસ્વતીચંદ્રને ખ્યાલ આવે છે કે કુમુદ આ ઘરમાં સુખી નહીં થાય એટલે સગાઈ તોડી ગૃહત્યાગ કરવા પ્રેરાય છે. કુમુદના લગ્ન બીજે થાય છે. અપરમા નામે ગુણસુંદરી હોવા છતાંય કેટલીય જડ રૂઢિઓને વળગી રહી પોતાના પતિ લક્ષ્મીનંદનના કાનભંભેરણી કરી કુટુંબમાં ગેરવ્યવસ્થાની સમજ પડતા સરસ્વતીચંદ્ર ઘર છોડી અલ્લડ અલગારીની જેમ પરદેશગમન કરવા નીકળી પડે છે.

જ્યારે કુમુદ પણ પતિના મૃત્યુ પછી ઘરમાં કંકાસ થતાં ગૃહત્યાગ કરવાની ઈચ્છા થાય છે તે ઈચ્છા ફલિભૂત કરવા આશ્રમમાં આવે છે અને ત્યાં મૂર્છિત અવસ્થામાં સરસ્વતીચંદ્રને જોઈ કુમુદનું હૃદય પુલકિત થઈ ઝુમી ઉઠે છે પણ પોતાનું મોં બંધ રાખીને દર્દીની જેમ તેની માવજત કરે છે. ભાનમાં આવતા સરસ્વતીચંદ્ર કુમુદને ઓળખી લે છે તે હૃદયસ્પર્શી સંવાદ વાંચવા લાયક છે. મને આખા ચાર ભાગના પુસ્તકમાં સરસ્વતીચંદ્રના ગૃહત્યાગના સંવાદો તથા કુમુદ અને સરસ્વતીચંદ્રના મિલન વખતના અલંકારિક પ્રાસ

સાથેના વાક્બાણ બહુ  શબ્દ ભેદી હોવાથી મને વધુ પસંદ છે.

સમાજમાં જે જડ રૂઢિરિવાજો જે ગુણસુંદરી છોડવા તૈયાર નથી અને અંગ્રેજી ભણેલો પણ પોતાની માતૃભાષાને સમજી શકતો સરસ્વતીચંદ્ર રીતરિવાજોનો ત્યાગ કરીને પોતાની પત્ની કુમુદ પાછળથી દુઃખી ન થાય એવું મનોમંથન કરી પોતે ગૃહત્યાગ કરવા મજબૂર બને છે. બીજી એક સમજવા લાયક છે કે એ જમાનામાં બાળલગ્નો થતાં છોકરીઓ શાળાએ ન જતી છતાંય કમુદની બહેન કુસુમને ઘરે બેસી વિદ્વાન પિતાએ અંગ્રેજી તથા સંસ્કૃત શીખવ્યું અને નવી જૂની પેઢીનો સંઘર્ષ કરી પોતાની પુત્રીને ભણાવી સમાજમાં પોતાનું શિશ ઉંચુ રાખ્યું અને છેલ્લે આશ્રમમાં બેઉંનો મિલાપ વાંચતા તો આંખમાં અશ્રુ જ આવી જાય. તેના હ્રદયસ્પર્શી સંવાદો ભાવનામય વાક્બાણનું કાલ્પનિક ચિત્ર ઉપસતું હોય તેવું લાગ્યા વગર રહેતું નથી. સમાજમાં જુદા જુદા સ્તરમાંથી આવતા પાત્રો ઉંચનીચ, ગરીબ તવંગરનો ભેદભાવ ન જોતા ભાવનામય લાગે છે. આજે પણ આ કૃતિ ચિરંજીવ હોય તેવું લાગ્યા વગર રહેતું નથી. આવા આ મહાન લેખકને નતમસ્તક પ્રણામ. તમે કદાચ આ મહાન લેખકની નવલકથા ન વાંચી હોય તો તેના પરથી ઉતરેલું ‘સરસ્વતીચંદ્ર’ ચિત્રપટ તો જરૂરથી જોયું જ હશે.

## લાભ લેવા વિનંતી

બાલાસિનોરના જરૂરિયાતમંદ કુટુંબો માટે વિનામુલ્ય અનાજ માટે એક અનામી દાતા તરફથી સગવડ કરવામાં આવી છે. તા. ૩૧-૫-૨૦૦૩ સુધીમાં શ્રી ભદ્રેશભાઈ ધારીઆ પાસેથી ચીઠ્ઠી લઈને આપણી બાલાસિનોર ગ્રાહક મંડળીમાંથી રૂા. ૧૫૦૦/-સુધીનું અનાજ વિનામુલ્યે આપવામાં આવશે. આનો લાભ લેવા વિનંતી.



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

તા. ૨૪મી માર્ચ તેજપાલ ઓડિટોરીયમમાં બપોરે ૩.૦૦ વાગે મનસ્વી દિક્ષિત દિગ્દર્શીત સામાજીક નાટક ''સપના સુખી સંસારના'' બતાવવામાં આવ્યુ હતું. નાટકમાં આવનાર દરેક બેનોને ''બાદશાહ'' પાઉભાજી મસાલાનું પેકેટ ગીફ્ટ આપવામાં આવ્યું હતું.

**''એપ્રિલ મહિનાનો કાર્યક્રમ''**

**તારીખ** : ૨૫ મી એપ્રિલ શુક્રવાર (૨૫.૪.૨૦૦૩)

**સ્થળ** : લાડની વાડી

**સમય** : ૩.૧૫ વાગે

**વક્તા** : શ્રી હરીભાઈ કોઠારી

**વિષય** : 'વર્તમાન જીવનસંઘર્ષનો પથદર્શક'''

આ કાર્યક્રમ તથા નાસ્તાના રૂા. ૧૦.૦૦ રાખવામાં આવ્યા છે. પાસ કોઈપણ કમીટી મેમ્બર પાસેથી મળશે.

*– હેમુ કડકિયા, સંયોજક*

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
# સંસ્થા સમાચાર

❖ શ્રી બાલાસિનોર નવયુવક સંઘની કારોબારીની ૭મી બેઠક સંસ્થાના પ્રમુખશ્રી આશીત ર. દેસાઈની પ્રમુખપદે શ્રી મોહનલાલ સાં. શાહ (ઝાટ) સભાગૃહ (સંસ્થાની ઓફિસમાં તા. ૧૩-૨-૦૩ના ગુરુવારે સાંજે ૭.૧૫ કલાકે મળી હતી.

ગત કાર્યવાહક સમિતિની કાર્યનોંધનું વાંચન સંસ્થાના સહમંત્રી શ્રી નીતીન પરીખે વાંચી સંભળાવ્યું હતું તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું. પ્રવાસ પર્યટન સમિતિ, આનંદ બજાર સમિતિ તથા ઉપનગર સમિતિ તરફથી આવેલ હિસાબ તથા અહેવાલ પસાર કરવામાં આવ્યા હતો. પ્રમુખ સ્થાનેથી સભામાં આજીવન સભ્ય માટેની પાંચ અરજી આવી હતી તે પસાર કરવામાં આવી હતી. આ સાથે કુલ આજીવન સભ્યની સંખ્યા ૨૮૧૨ની થઈ છે. ગેરહાજર રહેલ સભ્યના પત્રની નોંધ લઈ તેઓની લીવ પૂરવામાં આવી હતી. પ્રમુખ શ્રી એ આભાર માની સભા બરખાસ્ત કરેલ જાહેર કરી હતી.)

❖ શ્રી બાલસિનોર નવયુવક સંઘની કારોબારીની આઠમી બેઠક સંસ્થાના પ્રમુખ શ્રી અશીત ર. દેસાઈના પ્રમુખપદે શ્રી મોહનલાલ સાં.શાહ (ઝાટ) સભાગૃહ (સંસ્થાની ઓફિસ)માં તા. ૧૫-૦૩-૨૦૦૩ના શનિવારે સાંજે ૭.૧૫ કલાકે મળી હતી.

ગત કાર્યવાહક સમિતિની કાર્યનોંધનું વાંચન સંસ્થાના સહમંત્રી શ્રી દીલીપધારીઆએ વાંચી સંભળાવ્યું હતું તે પસાર કરવામાં આવ્યું હતું.

ક્રિકેટ સમિતિ, પુસ્તક સમિતિ, સ્વાસ્થ્ય સમિતિ તથા હૉસ્પિટલ સહાય સમિતિના આવેલ હિસાબ તથા અહેવાલ પસાર કરવામાં આવ્યા હતા. ગેરહાજર રહેલ સભ્યના પત્રની નોંધ લઈ તેઓની લીવ પુરવામાં આવી હતી. પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરેલ જાહેર કરી હતી.

❖ શ્રી બાલાસિનોર નવયુવક સંઘની કારોબારીની ૯મી બેઠક સંસ્થાના પ્રમુખ અશીત ર. દેસાઈના પ્રમુખપદે

શ્રી મોહનલાલ સાં. શાહ (ઝાટ) સભાગૃહ (સંસ્થાની ઓફિસમાં તા. ૨૭-૩-૨૦૦૩ના ગુરુવારે સાંજે ૭.૧૫ કલાકે મળી હતી.)

ગત કાર્યવાહક સમિતિની કાર્યનોંધનું વાંચન સંસ્થાના સહમંત્રી શ્રી નીતીન પરીખે વાંચી સંભળાવ્યું હતું. તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

મહિલા વિભાગ, કોમ્પ્યુટર શિક્ષણ સમિતિ અહેવાલ તથા હિસાબ પસાર કરવામાં આવ્યો હતો. વનડે મીટીંગની તારીખ તથા વાર્ષિક સામાન્ય સભાની તારીખ નક્કી કરવામાં આવી હતી. ચૂંટણી પક્ષના અધ્યક્ષ તરીકે શ્રી યોગેશભાઈ ધારીઆની નિમણૂક કરવામાં આવી હતી. જ્યોતિપૂંજ સમિતિનો હીસાબ તથા અહેવાલ પસાર કરવામાં આવ્યો હતો. નોટબુકનું વિતરણ મે મહિનામાં કરવાનું નક્કી કરેલ છે. સભામાં આજીવન સભ્ય માટેની એક અરજી આવી હતી તે પસાર કરવામાં આવી હતી. અંદાજીત બજેટ વર્ષ ૨૦૦૩-૨૦૦૪નું પસાર કરવામાં આવ્યું હતું.

પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરેલ જાહેર કરી હતી.

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત નટવર મોદી (જનસાથી) પુરસ્કૃત જનસાથી ટ્રોફી ક્રિકેટ ટુર્નામેન્ટ વર્ષ ૨૦૦૨-૨૦૦૩

**કેપ્ટન આનંદ બી. શ્રોફની ટીમ વિજેતા**

વર્ષ ૨૦૦૨-૨૦૦૩ની ફાઈનલ્સ તા. ૧૬-૩-૨૦૦૩ના રોજ વિલ્સન કોલેજ જીમખાના ખાતે રમાઈ હતી, જેમાં કેપ્ટન કીંજલ પરીખની ટીમે પહેલી બેટીંગ કરતાં ૨૦૫ રન કર્યા (૪૫ ઓવર્સમાં), સમીર આર. દેસાઈ-૪૫ રન, ધરવ પરીખ-૭૪ રન, અપૂર્વ ધારીઆ-૪૦/૨ વિકેટ, અમીત કડકીઆ - ૪૫ રન/૫ વિકેટ અને નીરવ દેસાઈ ૩૨/૩ વિકેટ. આનંદ શ્રોફની ટીમે ૨૦૬ રન કરી વિજય પ્રાપ્ત કર્યો. અમીત કડકીઆ-૨૩ રન, શૌરીન પરીખ-૩૨ રન, ચિરાગ પરીખ-૫૮ રન, સમીર આર. દેસાઈ ૨૨/૪ વિકેટ, ચીરાગ કડકીઆ-૨૦ રન/૩ વિકેટ

આમ કેપ્ટન આનંદ બી. શ્રોફની ટીમ વિજેતા થઈ

વર્ષ ૧૯૯૨માં સ્થાપીત થયેલી આ જનસાથી ટ્રોફી જીતવાનું માન આનંદ બી. શ્રોફની ટીમને ત્રીજી વાર પ્રાપ્ત થયું.

**વિજેતા ટીમના નામો :-**

**આનંદ બી. શ્રોફ (કેપ્ટન)**

| | |
|---|---|
| ચીરાગ પરીખ | નીશીથ પરીખ |
| અપૂર્વ ધારીઆ | રૂસીલ કડકીઆ |
| નીરવ દેસાઈ | યતીન દેસાઈ |
| શૌરીન પરીખ | સુનીલ કચેરીઆ |
| દીપેન શાહ | જીમીષ કડકીઆ |
| અમીષ દેસાઈ | નીલ્પેશ મોદી |
| ગોપાલ શેઠ | |
| પીયુષ પરીખ | |
| અમીત કડકીઆ | |

આ વર્ષે આ ટુર્નામેન્ટની પુર્ણાહુતી પ્રસંગે પોલીસ જીમખાનાના સેક્રેટરી અને ડી.એન. માર્ગ પુલીસ સ્ટેશનના પી.એસ.આઈ. શ્રી ઈકબાલ શેખ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં.

પ્રસંગની શરૂઆતમાં મેનેજર શ્રી નીતીન પી. ગાંધીએ ટુર્નામેન્ટનો આછો ચીતાર આપ્યો હતો. ત્યારબાદ સભ્ય શ્રી જતીન દેસાઈએ અતિથિવિશેષનો ટુંકો પરિચય આપ્યો હતો. પ્રમુખ શ્રી અસીત દેસાઈના હસ્તે અતિથિ વિશેષને મૉમેન્ટો આપી વધાવ્યા હતાં. અતિથિ વિશેષના હસ્તે મૅન ઑફ ધ સીરીઝ, બેસ્ટ મૅન ઓફ ધ સીરીઝના ઈનામો આપવામાં આવ્યા હતાં. જનસાથી ટ્રોફી દાતાશ્રીના કુટુંબીજનો તરફથી શ્રી સંજય કે. મોદીએ કેપ્ટન આનંદ શ્રોફને અર્પણ કરી હતી અને પ્રમુખશ્રીના હસ્તે વિજેતા ટીમના સભ્યોને મોમેન્ટો આપવામાં આવ્યાં હતાં. આખા પ્રસંગનું સંચાલન શ્રી જતીન દેસાઈએ કર્યું હતું.

| | | |
|---|---|---|
| **મૅન ઑફ ધ સીરીઝ** | : | **શ્રી સમીર આર. દેસાઈ** |
| **બૅસ્ટમેન ઑફ ધ સીરીઝ** | : | **શ્રી રવીશ દેસાઈ અને શ્રી કીંજલ પરીખ** |
| **બૉલર ઑફ ધ સીરીઝ** | : | **શ્રી નીરવ દેસાઈ** |

## શ્રી મોહનલાલ જેઠાલાલ દોશી ચે. ટ્રસ્ટ

અમને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે શ્રી અજય કાંતિલાલ ધારીઆ (બલબલ) તથા શાંતાબેન કીરતનલાલ દેસાઈ (તલાટી) ટ્રસ્ટને ન્યાસફંડ પેટે રૂા. ૧૦૦૦૦૧/- (અંકે રૂપિયા એક લાખ એક પુરા)નું દાન મળ્યું છે. આ ન્યાસફંડના વ્યાજની રકમ જરૂરતમંદ વિદ્યાર્થી મિત્રોને શૈક્ષણિક સહાય કરવા માટે ઉપયોગમાં લેવામાં આવશે.

ટ્રસ્ટીમંડળના બધા ટ્રસ્ટી દાતાશ્રીનો આભાર માને છે.

***અસીત રમેશચંદ્ર દેસાઈ, કિરીટ રમણલાલ કડકીઆ (મલમ)***

***માનદ્ મંત્રીઓ***

**સંદેશમાં તા. ૨૨-૧-૦૩ના રોજ છપાયેલ બાલાસિનોર ક્રિકેટનો અહેવાલ**

# મુંબઈની ક્રિકેટ ટીમ બાલસિનોરમાં વિજેતા

*(ખબરપત્રી દ્વારા-બાલાસિનોર નડીઆદ તા. ૨૧ )*

ક્રિકેટની રમત દ્વારા વતન પ્રત્યેનો પ્રેમ મમતા છેલ્લા ૩૩ વર્ષથી એકધારી જળવાઈ રહેવાની વાત ખરેખર આશ્ચર્ય પમાડે તેવી લાગે છે. ક્રિકેટ મેચ જોવા માટે મુંબઈ-અમદાવાદ ક્રિકેટ રસીયાઓ જતા સાંભળ્યા છે. પણ ક્રિકેટની રમત માધ્યમથી માદરે વતન દર વર્ષે નિયમિત ક્રિકેટ મેચ રમવા મુંબઈથી ક્રિકેટ ટીમ લઈ આવવું અને એ રીતે વતન પ્રેમનો સેતુ ક્રિકેટની રમત બને તો ખેલાડી માટે કેટલા ભાવ વિભોર દ્રશ્યો સર્જાય તે પણ કલ્પનાનો વિષય છે.

મુંબઈમાં બાલાસિનોર નવયુવક સંઘ દ્વારા દર વર્ષે ક્રિકેટ મેચોનું આયોજન કરવામાં આવે છે જેમાં મુંબઈથી બાલાસિનોરના વતની એવા નવયુવકોની ટીમ ક્રિકેટ રમવા બાલાસિનોર આવે છે અને ચાર કે પાંચ વર્ષે એકવાર બાલાસિનોરની ક્રિકેટ ટીમ ક્રિકેટ મેચ રમવા મુંબઈ જાય છે. મુંબઈ અને જનસાથી ટ્રોફીના આયોજન દ્વારા દર વર્ષે આશરે ૧૨ થી ૧૩ મેચો રમાય છે. જેમાં આઠથી ૧૫ જેટલી ક્રિકેટની ટીમો ભાગ લે છે. એટલે કે આશરે ૧૪૪ જેટલા ખેલાડીઓમાંથી ૧૪ કે ૧૫ જેટલા ખેલાડીઓની ફાઈનલ બનેલી ક્રિકેટની ટીમ બાલાસિનોર ક્રિકેટ મેચ રમવા માટે આવે છે અને બાલાસિનોરની સ્થાનિક ટીમમાં જેવી કે, કોલેજ ટીમ, બાલી ટીમ, ટાઉન ટીમ, પટેલ ટીમ, સર્વોદય ટીમ વગેરે સાથે ચાર પાંચ દિવસ એક દિવસની વનડે મેચો રમાય છે. આ સીલસીલો આશરે તેત્રીસ-તેત્રીસ વર્ષથી ચાલુ છે.

સને ૧૯૯૮-૯૯માં દીલીપભાઈ મુળજીભાઈ ધારીઆએ તેમના પુત્રના લગ્ન પ્રસંગે રૂા. ૧,૧૧,૧૧૧/- એક લાખ અગિયાર હજાર પુરાનું માતબર દાન આપી બી.એન.એસ. લાલખાં ટ્રોફીની શરૂઆત કરી. આ ટ્રોફી દર વર્ષે રમાતી સીરીઝમાં જે ટીમ જીતે ને રાખે છે એટલે કે ફરતી ટ્રોફી છે. બાલાસિોરમાં હાલમાં આ ક્રિકેટ મેચ નગરપાલિકા સંચાલિત જનસાથી ગ્રાઉન્ડ પર રમાય છે જેમાં પહેલી મેચ કોલેજ અને બી.એન.એસ.મુંબઈની ટીમ બીજી મેચ સર્વોદય ટીમ અને બી.એન.એસ. મુંબઈની ટીમ, ત્રીજી મેચ બાબીટીમ અને બી.એન.એસ મુંબઈની ટીમ અને ચોથી મેચ જનસાથી વિજેતા પટેલ ટીમ અને બી.એન.એસ.મુંબઈની ટીમ વચ્ચે રમાઈ હતી જેમાં મુંબઈની નવયુવક સંઘની ટીમે ચારેય મેચો જીતી ૪-૦થી બી.એન.એસ. લાલસાં ટ્રોફી જીતી લીધી હતી. મુંબઈમા ક્રિકેટ ટીમના કેપ્ટન સંદીપ ધારીઆ અને ટીમ મેનેજર તરીકે નીતીનભાઈ પી. ગાંધીએ સેવાઓ આપી હતી.

## ક્રિકેટ પ્રેમી ઉદાર દિલ દાતાઓ માટે

## :- જાહેર અપીલ :-

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના નેજા હેઠળ મુંબઈ ખાતે લોકલ ટુર્નામેન્ટ, સીંગલ વિકેટ ક્રિકેટ ટુર્નામેન્ટ અને શ્રી બાલાસિનોર નવયુવક સંઘ V/s. બાલાસિનોરની સ્થાનીક ટીમો વચ્ચે રમાતી ક્રિકેટ શ્રેણીને દાતાઓના નામો સાથે જોડી દેવામાં આવ્યાં છે.

હવે આ વર્ષથી (૨૦૦૩-૨૦૦૪) 'ડબલ વિકેટ ક્રિકેટ' ટુર્નામેન્ટનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આથી દરેક ક્રિકેટ પ્રેમી ઉદાર દિલ દાતાને જાહેર અપીલ કે રૂા. ૧૧૧૧૧૧/- અંકે રૂ. અગિયારહજાર એકસો અગિયાર પૂરાં અથવા તેથી વધુનું દાન આપનાર વ્યક્તિનું નામ આ ટ્રોફી સાથે જોડી દેવામાં આવશે.

ક્રિકેટની રમત અને દાતાનું નામ બાલાસિનોરનું ગૌરવ વધારશે.

*પ્રમુખ : શ્રી અસીત આર. દેસાઈ (મેનપુરાવાળા)*

# દાવાથી દૂર જ રહેવું!

હમણાં કોઈ વૈકલ્પિક ઉપચાર સંસ્થાની એક જાહેરાત વાંચવા મળી. તેમાં 'ગમે તેવા જીર્ણ કે અસાધ્ય રોગો મટાડી દેવાનો દાવો' કરવામાં આવ્યો હતો!

ક્યારેક કોઈ વૈકલ્પિક ચિકિત્સકો-ખાસ કરીને ચિકિત્સાનાં વિવિધ પાસાંઓવાળા-ને મળવાનું થાય છે. યા તેમના 'દવાખાના'ની મુલાકાત લેવાનું થાય છે, ત્યારે તેઓ પણ 'દાવો' કરે છે કે 'ભલભલા કઠીન રોગો' તેઓ મટાડી શકે છે! આવી નાની મિટિંગોથી રાષ્ટ્રીય કોન્ફરન્સોમાં પણ ચિકિત્સાની અસરકારકતાના છાતી ઠોકીને 'દાવા' કરાય છે. સાથે પરહેજમાં શું લેવું-શું ન લેવું તેના વિશે પ્રમાણભૂત હોવાનો દાવો કરાય છે. (દૂધ તેનો ભોગ બનેલ એક આહાર છે!)

આ સાંભળીએ કે વાંચીએ, ત્યારે હસવું પણ આવે છે અને ડર પણ લાગે છે.

હસવું એટલા માટે આવે છે કે 'દાવો' સમગ્ર જગતમાં માત્ર કુદરત-આસ્તિક હોઈએ તો ભગવાન-કરી શકે. બાકી જગતનો સ્વભાવ જ 'મર્યાદિતતા' છે, ત્યાં પૂર્ણતાનો દાવો કરી જ કેમ શકાય? કોઈ પણ ચિકિત્સા સંપૂર્ણ નથી. દરેકમાં વિશિષ્ટતાઓ પણ છે અને મર્યાદાઓ પણ છે. ચિકિત્સાની અસરકારકતા પર અનેક બળો પ્રભાવિત કરતાં હોય છેઃ વ્યક્તિનાં શરીરનું બંધારણ, તેની પ્રકૃતિ, તેનું મન, વૃત્તિઓ, શ્રદ્ધા-અશ્રદ્ધા-અનેક પરિબળો ચિક્તિસાને અસર કરે છે. તેને આધારે ચિકિત્સાની ઉપયોગીતા નક્કી થાય છે. આમાંથી કોઈ પણ બળ નકારાત્મકતા દેખાડે, તો ચિકિત્સાની અસર ઘટી જાય છે.

અને ડર એટલા માટે લાગે છે કે આ વાત બિચારા દર્દી માની લે તો તેનું આવી બને! ક્યારેક તેણે મર્યે છૂટકો- જો ચિકિત્સા તેને છોડે નહીં તો!

પણ, 'દાવો' કરવાની ઈચ્છા થાય છે કેમ?

બે-ત્રણ કારણો જવાબદાર લાગે છે! ચિકિત્સક મનમાં જાણે છે કે વૈકલ્પિક ચિકિત્સા એલોપથીની તુલનામાં ઝડપી અસરકારી ન જ હોય... અને તેને 'ઝડપી છે' તેમ પૂરવાર કરવાની છે. માટે 'દાવો' કરે છે.

બીજું, ચિકિત્સક પોતાને ઘણીવાર એલોપથી પર શ્રદ્ધા હોય છે તેટલી વૈકલ્પિક ચિકિત્સા પર નથી હોતી. એટલે પોતામાં શ્રદ્ધા સ્થિર કરવા માટે પણ આવું વાગોળે છે. જોર જોરથી પ્રચાર કરે છે, જેથી પોતાને પણ ખાતરી થાય કે પોતે કહે છે માટે ખોટું તો નહીં જ હોય.

અને છેલ્લે, એલોપથી વિશ્વવ્યાપક છે, ઝડપી છે, સ્વીકૃત છે. તેનો જડબેસલાક પ્રભાવ છે. પ્રજાના મનમાં તેનો આ પ્રભાવ ઘૂસી ગયો છે. ત્યારે આ વૈકલ્પિક ચિકિત્સા પણ એલોપથી જેવી જ અસરકારક છે તે દર્દી/લોકોના મનમાં ઠસાવવું જ પડે! માટે...

દાવો કરવા સમયે નજર સામે હરિફ છે 'એલોપથી.'

સઘળું ચિંતન તેને ધ્યાનમાં રાખી થાય છે-ભારત પાકિસ્તાન પરસ્પર દુશ્મનાવટથી ગ્રસ્ત છે તેમ!

અહીં બે બાબતે સ્પષ્ટ થવાની જરૂર છે.

એક, એલોપથી વિશ્વવ્યાપક છે જ. વૈજ્ઞાનિક પણ છે. લાખો પ્રયોગો પછી પ્રમાણભૂત થઈ છે. તેની વિજળી જેવી અસરો છે. દર્દીને ઝડપથી ઊભો કરી શકે છે. તેમાં સર્જરી છે. સતત સંશોધન છે. એટલે તેની અસરો વિશે ના તો પાડી શકાય તેમ નથી.

તેના સંદર્ભમાં વૈકલ્પિક ચિકિત્સા પાસે ન્યૂનતમ સંશોધન છે. વ્યક્તિગત પરિણામો છે. તેને પ્રમાણભૂત કરવાના ભાગ્યે જ પ્રયાસો થાય છે. શોધકો-શેલ્ટન હોય કે ચરક-તેને જ હજી વળગી રહેવાય છે. તેમાં નૂતન ભાગ્યે જ ઉમેરાય છે. એલોપથીની નિંદા/ટીકા

કરવામાં જેટલો સમય આપવામાં આવે છે, તેનો એક ટકો પણ પ્રયોગશાળા/અવલોકન આધારિત સંશોધનોમાં નથી અપાતો. આ સંદર્ભમાં વૈકલ્પિક ચિકિત્સા બીજે નંબરે જ રહે છે.

પણ હા, પ્રાકૃતિક ચિકત્સા અને તેની શાખાઓ કેટલાક સનાતન નિયમો સમજી કામ કરે છે. સમગ્ર રીતે ચિંતન કરે :છે.મનુષ્યને એક એકમ માને છે. માટે લાંબા ગાળે તેનો પ્રભાવ છે. તે સંદર્ભે એલોપથી કરતાં તે વધુ પ્રભાવક છે.

માટે 'દાવો' કરી પોતાને એલોપથીના સમાંતરે બેસાડવાના ફાંફાં મારવાની જરૂર નથી. એટલું જ કહેવાની જરૂર છે કે અમુક ચોક્કસ નિયમો પાળીને પ્રાકૃતિક ચિકિત્સા કરવામાં આવશે, તો કાયમી પરિણામો લાવશે. એલોપથી રોગને મટાડવા/દબાવવાની પ્રથા છે. પ્રાકૃતિક ચિકિત્સા, ઈચ્છે તો, રોગને કાયમી દૂર રાખવાની જીવન વ્યવસ્થા છે. બે વચ્ચે આ પાયાનો તફાવત છે.

એટલે, એલોપથી સામે મો રાખી, મૂછો પર હાથ ફેરવી, 'દાવા' કરવાની જરૂર નથી-તુલના કરવા! સ્પષ્ટ કહેવાની જરૂર છે કે બન્નેનાં તત્વજ્ઞાનમાં જ પાયાનો તફાવત છે. હા, કટોકટીમાં એલોપથી જ ઉપયોગી છે, પણ લાંબા ગાળે સ્વાસ્થ્ય જાળવવા પ્રાકૃતિક ચિકિત્સા જ જરૂરી છે. ૮૦ ટકા દર્દોમાં એલોપથી પાસે જવાની કે ગોળી-ઈન્જેકશન લેવાની જરૂર જ નથી.

'દાવો' માત્ર લઘુતાગ્રંથી છૂપાવવા કે સામાને ઉતારી પાડવા જ કરવો પડે છે. સત્ય હંમેશા સ્વયંસિદ્ધ છે. તેને પ્રચાર સાથે સંબંધ નથી. જેમ એલોપથીએ પોતાનાં ઝડપી ઔષધો દ્વારા તેની સત્યતા સિદ્ધ કરી છે, તેમ જ વૈકલ્પિક ચિકિત્સા પણ શાશ્વત નિયમો સમજાવી પોતાની સત્યતા સિદ્ધ કરી શકે છે.

દાવો કરવાથી સત્ય ન પણ પ્રગટ થાય, પણ જો સત્ય પ્રગટ થાય, તો દાવો કરવો જ નહીં પડે.

સંશોધન, સતત ચિંતન, પ્રયોગો જ શ્રેષ્ઠતા સિદ્ધ કરવાનો ઉત્તમ માર્ગ છે, દાવો નહીં. દાવો લાંબા ગાળે ખુદ વૈકલ્પિક ચિકિત્સાને જ નુકશાન કરે છે- તેના કોઈપણ વાંક વિના!

*- શિવામ્બુ માસિકમાંથી સાભાર*

## પી.વી. વિદ્યાલય, બાલાસિનોરમાં ઈનામ વિતરણ, વિદાય તેમજ શુભેચ્છા સમારોહ યોજાયો

તા. ૧૦-૩-૨૦૦૩, સોમવારના રોજ ઈનામ વિતરણ, ધો. ૧૦/૧૨ની વિદાય લેતી વિદ્યાર્થિનીઓ તથા વય મર્યાદાના કારણે નિવૃત્ત થતા શિક્ષક શ્રી કાન્તીભાઈ એન. પટેલ (સુપરવાઈઝર) તેમજ ગંગારામભાઈ યુ. પટેલનો સન્માન તેમજ શુભેચ્છા સમારોહ બા.કે.મંડળના પ્રમુખ શ્રી નટવરલાલ કડકીઆ તેમજ મંડળના અન્ય હોદ્દેદારો માજી પ્રમુખ શ્રી નવનીતભાઈ ધારીયા, શ્રી રસીકભાઈ ગાંધી, મંત્રી શ્રી પ્રવીણભાઈ દેસાઈ, શાળા સમિતિના ચેરમેનશ્રી મણિકાંતભાઈ કડકીઆ અને અન્ય હોદ્દેદારો અને મહેમાનો તેમજ અતિથિ વિશેષ પ્રજાપતિ બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, બાલાસિનોર, કેન્દ્રના બ્રહ્માકુમારી વર્ષાબેનના સાનિધ્યમાં યોજાયો હતો.

બા.કે. મંડળના હોદ્દેદારશ્રીઓએ વિજેતાઓને ઈનામનું વિતરણ કરીને પ્રોત્સાહિત કર્યા. સમારંભ પ્રમુખ શ્રી નટવરલાલ કડકીઆએ વિદ્યાર્થિઓને મહેનત દ્વારા યશ અને સફળતા માટે પ્રેર્યા. ધો. ૧૦/૧૨ની વિદાય લેતી વિદ્યાર્થિનીઓને દ્રઢ સંકલ્પ અને સંસ્કાર સાથે સફળતા સર કરવાની પ્રેરણા આપી તેમણે નિવૃત્ત થતા શિક્ષકશ્રીઓને શાલ/શ્રીફળ અર્પણ કરીને તેમનું બહુમાન કર્યું. અતિથિ વિશેષશ્રી વર્ષાબેન વિદાય લેતી વિદ્યાર્થિનીઓને જીવનમાં શાંતિના સૂત્ર સાથે ઉચ્ચ

સંસ્કાર અને સદ્‌ગુણોનું સીંચન કરી જીવનને સાર્થક બનાવવાની શાખ સાથે શુભેચ્છાઓ વ્યક્ત કરી નિવૃત્ત થતા મહાનુભાવોના શેષ જીવન માટે આરોગ્ય અને શાંતિની ખેવના વ્યક્ત કરી. શાળાના આચાર્યશ્રીએ બા.કે. મંડળના હોદ્દેદારો તરફથી પ્રાપ્ત થયેલ દાનની સરવાણીને બિરદાવી શાળા પરિવાર તરફથી તેમજ વિદ્યાર્થીઓ તરફથી નિવૃત્ત થતા મહાનુભાવોને સ્મૃતિભેટ અર્પણ કરીને તેમનું બહુમાન કર્યું, તેમની સેવા-નિષ્ઠાને બિરદાવી શેષ જીવન માટે શુભેચ્છાઓ પાઠવી વિદાય લેતી બાળાઓને ઉચ્ચ સફળતાઓ પ્રાપ્ત કરી સંસ્થાનું નામ રોશન કરવાના આગ્રહ સાથે શુભેચ્છાઓ પાઠવી સંસ્થાના દરેક પરિવારને વિદાય અને નિવૃત્ત થતા સ્વજનોને શુભેચ્છાઓ પાઠવી તેમજ મંડળના હોદ્દેદારો તેમજ દાતાઓના સહકાર અને દાન માટે આભાર માની સમારંભ પૂર્ણ કર્યો.

## શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોત્તેજક મંડળ

અમને જણાવતા અત્યંત આનંદ થાય છે કે ઉપરોક્ત મંડળને નીચે જણાવેલ દાતાઓ તરફથી ન્યાસફંડ પેટે રૂા. ૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પુરા) પ્રાપ્ત થયા છે. મંડળ દાતાઓનો હાર્દિક આભાર માને છે.

૧. સ્વ. મંજુલાબેન જંયતીલાલ ગાંધી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ
૨. સંગીતા કિરણ દોશી ચેરીટેબલ ટ્રસ્ટ
૩. સ્વ. કાંતિલાલ ચુનીલાલ કડકિયા (મલમ)

ઉપરોક્ત ન્યાસફંડમાંથી ઉપજનારી વાર્ષિક વ્યાજની રકમ મંડળના વિદ્યાર્થીમિત્રોને શૈક્ષણિક સહાય કરવા માટે ઉપયોગમાં લેવામાં આવશે.

ફરી એકવાર દાતાઓનો હાર્દિક આભાર.

*અસીત રમેશચંદ્ર દેસાઈ*
*કિરીટ રમણલાલ કડકીઆ (મલમ)*

- આપણને આવશ્યક્તા છે હૃદય અને મસ્તિકના સમન્વયની. જો હૃદય અને મસ્તિકમાં મતભેદ ઊભો થાય તો હૃદયને અનુસરો.
- જ્ઞાનપ્રાપ્તિનું રહસ્ય છે : બધાંમાંથી સાર-તત્વ ગ્રહણ કરવું.
- ધર્મ માત્ર શ્રદ્ધાને વિષય નથી પરંતુ એ તો છે ‘હોવું’ અને બનવું.
- આંખ અને કાન બન્ને પવિત્ર રાખો
- મનુષ્ય કાયમ કાળની બીક રાખે તો તેનાથી પાપ થશે નહીં.

***છેલ્લી તક! છેલ્લી તક! છેલ્લી તક!***

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલીત શ્રીમતી મંજુલાબેન નવનીતલાલ પરીખ (બખલી) પુરસ્કૃત વસ્તીપત્રક ૯મી આવૃત્તિ અંગે એક જાહેર સૂચના

મુંબઈ તથા ઉપનગરના ઘણા ખરા ટેલીફોન નંબરો તથા મોબાઈલ નંબર બદલાયા હોવાથી તા. ૨૦-૪-૨૦૦૩ સવારે ૯ થી ૧૨ તથા ૨૧ અને ૨૨ તારીખે સાંજે ૭ થી ૮ નીચે જણાવેલ સ્થળે પોતાના નંબરો આવીને બદલવા વિનંતી.

વસ્તીપત્રકનું કામ પુરુ થઈ ગયું હોવાથી આના પછી કોઈપણ ફેરફાર કરવામાં આવશે નહીં તથા તે માટે સંસ્થા કે સંયોજક જવાબદાર રહેશે નહીં.

નંબર બદલી કરવાનું સ્થળ :

**Krishna Creation**
39, Bandhu Gokhale Path, Cowlane Bor bhat lane, near Gajanan ink, Girgaon, Mumbai - 4.
Tel. : 23851837

*સંયોજક : ભાવેશ બીપીન મોદી*
*મંત્રી : શિરીષ પરીખ*

**(ખબરપત્રી દ્વારા) બાલાસિનોર તા. ૨૨-૩-૨૦૦૩ (સંદેશ)**

## સીનીયર સીટીઝનો રાહ ચીંધે છે... નિવૃત્તિને પ્રવૃત્તિમાં બદલે છે...વાત છે વાડાસિનોરના વતનીઓની...

મોહમયી મુંબઈ નગરીમાં જીંદગીભર ભારે મહેનત કરી સંતાનોને થાળે પાડી જીંદગીના આરે શાંતિથી વિસામો લેનારા સાઈઠી વટાવી ચુકેલા વૃદ્ધો જીંદગીની ખાટી-મીઠી, તડકો-છાંયડોને યાદ કરતાં મુંબઈના ચોપાટી વિસ્તારમાં ભેગા મળે છે. આજના જમાનાના પ્રચલિત શબ્દોમાં આ 'સિનિયર સીટીઝનો' નિવૃત્તીની પળોને સેવા પ્રવૃત્તિ, ધર્મ પ્રવૃત્તિ દ્વારા જીવનના બાકી રહેલા વર્ષો આનંદમય બનાવવાનું આયોજન કરે ત્યારે એમ લાગે કે, 'ઘરડા વગર ગાડા ન ચાલે' એ કહેવત સાર્થક છે.

આવું જ કંઈક બાલાસિનોરમાં બન્યું છે. ધંધા રોજગાર અર્થે અલબેલી મુંબઈ નગરીમાં વસેલા બાલાસિનોરના વતનીઓની વતન વાડાસિનોર પ્રત્યેની અપાર મમતા હોય છે. સાઈઠ વર્ષ વટાવી ચુકેલા સીનીયર સીટીઝનોનું 'સીનીયર સીટીઝન ફ્રેન્ડસ ગ્રુપ' (ચોપાટી-મુંબઈ) નામનું ગ્રુપ છે. તેમાં બાલાસિનોરના વતનીઓ આશરે ૪૦૦ જેટલા છે અને બાકીના સભ્યો ગુજરાતના આશરે ૫૦ જેટલા ગુજરાતી સભ્યો છે.

બાલાસિનોરમાં દર વર્ષે ફાગણસુદ-૯ના દિવસે ઉજવાતા વૈષ્ણવોના ફગવામાં ધર્મલાભ લેવા રસીકલાલ ચુનીલાલ ધારીઆ (દલાલ)ની આગેવાની હેઠળ સીનીયર સીટીઝન ફ્રેન્ડઝ ગ્રુપ-ચોપાટી-મુંબઈના આશરે એક સો જેટલા સભ્યો બાલાસિનોર આવતાં તેઓનું બેન્ડ-વાજાની સંગીત સુરાવલી તથા ફટાકડાથી ઉષ્માભર્યું સ્વાગત કરાયું હતું. આ મુંબઈના નિવૃત્ત વૃદ્ધોએ ઉમંગભેર ફગવા મનોરથમાં ભાગ લઈ ધર્મભક્તિથી જોડાઈ ધર્મકાર્યમાં ભાગ લીધો હતો.

ત્યારબાદ રાજસ્થાનમાં આવેલ શ્રી નાથદ્વારમાં શ્રીનાથજીના દર્શનાર્થે સીનીયર સીટીઝન ગ્રુપ ધાર્મિક પ્રવાસે નીકળ્યું અને શ્રી નાથદ્વારામાં શ્રીનાથજીના સાનિધ્યમાં પુરા દિવસનો રાજભોગ ઠાકોરજીને કરી મનોરથી બન્યાનો લ્હાવો લીધો.

ગુજરાતમાં ઉજવાતી પરંપરાગત હોળીનું ૧૭મી માર્ચના રોજ અને ૧૮મી માર્ચના રોજ ધુળેટીના રંગ ઉત્સવની ઉજવણી પણ રંગ-બેરંગી રંગો, અબીલ-ગુલાલની છોળો વચ્ચે ઉજવી જીંદગીની પળોનો ઉંમરનો બાધ લાવ્યા સિવાય રંગીન બનાવી.

બાલાસિનોર નગરની વિવિધ જાહેર સંસ્થાઓ, સ્થળો, બાલાસિનોર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, હાઈસ્કુલ, કે.એમ.જી જનરલ હૉસ્પિટલ વિગેરે સ્થળોની પણ મુલાકાત લઈ માહિતી મેળવી હતી. અને સંતોષ વ્યક્ત કર્યો હતો.

ખેડા જિલ્લાનું અને ગુજરાતનું યાત્રાધામ ડાકોરમાં આવેલ અશક્ત વ્યક્તિઓ માટેના અશક્તા આશ્રમમાં ૧૯મી માર્ચના રોજ બાલાસિનોરથી આશરે ૧૫૦ જેટલા નગરજનો એક સમારંભમાં ગયા. બાલાસિનોરના સ્વ. કમળાબેન રમણલાલ પરીખ-જુનાગઢવાળાના સ્મરણાર્થે રૂપિયા બે લાખનું માતબર દાન તેમના વહીવટકર્તાઓ રસીકલાલ રમણલાલ કડકીઆ તથા અરુણભાઈ ભીખાલાલ ધારીઆએ ડાકોરના અશક્તા આશ્રમમાં એક હોલ બનાવવા માટે આપેલ તેનું ઉદઘાટન અશક્તા આશ્રમના પ્રમુખ ચંદ્રવદનભાઈ શાહના હસ્તે દિપ પ્રગટાવી કર્યું. આ સમારંભમાં બાલાસિનોરના વતનીઓ આશરે દોઢસો જેટલા ઉપસ્થિત રહ્યા હતા. સદાય દાનની ગંગા વહાવતા બાલાસિનોર વાસીઓએ આ સમારંભમાં પણ આશરે દોઢ લાખની રકમ દાન આપવા માટેના વચનો અપાયાનું પણ જાહેર કરાયું હતું. આમ અશક્તો માટે પણ સીનીયર સીટીઝનો મદદરૂપ બન્યા.

જીંદગીની સંધ્યાને ધર્મભક્તિ અને દાન પ્રવૃત્તિ જેવી ઉમદા પ્રવૃત્તિથી આનંદમય બનાવતા આ સીનીયર સીટીઝનો ખરેખર આજના યુવાનો માટે એક પ્રેરણારૂપ છે તેમ કહેવામાં કશુ અતિશયોક્તિભર્યું નથી...સલામ...સીનીયર સીટીઝન.

## શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટ

ઉપરોક્ત સેન્ટરમાં ચાલુ માસથી ડૉ. મનીશ શાહ (સ્કીન સ્પેશીયાલીસ્ટ)ની જગ્યાએ ડૉ. પ્રિતિ સાવરડેકર (એમ.ડી.-સ્કીન સ્પેશીયાલીસ્ટ) દર શુક્રવારે બપોરે ૧૨ થી ૧ દરમ્યાન પોતાની સેવાઓ આપશે તો દરેકને લાભ લેવા વિનંતી.

આ ઉપરાંત રવિવાર, તા. ૨૯મી જુનના રોજ સવારે ૯ થી ૧ દરમ્યાન, સેન્ટર દ્વારા શ્રી બાલાસિનોર નવયુવક સંઘ (મહિલા વિભાગ)ના સહકારથી કાન-નાક અને ગળા (ENT)નો કેમ્પ ડૉ. અરવિંદ જી. પટેલ અને ડૉ. મીસીસ વિમલ કસ્બેકરના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો છે, જેમાં રોગોનું નિદાન કરી યોગ્ય માર્ગદર્શન આપવામાં આવશે.

**મુખ્ય દાતા :** શ્રી પ્રવીણભાઈ ઓચ્છવલાલ કડકીઆ (ખીસાદાર)

આ શિબિરની રજીસ્ટ્રેશન ફી રૂા. ૧૫/- ભરવાના રહેશે અને રજીસ્ટ્રેશન માટેની છેલ્લી તારીખ ૨૪મી જુનના સાંજના ૫ કલાક સુધીની રાખવામાં આવી છે. રજીસ્ટ્રેશન નીચેના સ્થળો પર કરવામાં આવશે.

**નામ નોંધાવવાના સ્થળો :**

૧ મેડીકલ સેન્ટર-સવારે ૮ થી ૫ સુધી
ટેઃ ૨૩૬૭૦૧૬૯

૨ જતીન નવનીતલાલ દેસાઈ
લોહાર ચાલ - ૨ થી ૫ સુધી

૩ મોહનલાલ ચુનીલાલ પરીખ
નાગદેવી - ૨ થી ૫ સુધી

૪ હેમુબેન ગોપાલદાસ કડકીઆ
સંયોજક (મહિલા વિભાગ)

*જતીન નવનીતલાલ દેસાઈ, યોગેશ રમણીકલાલ ધારીઆ*
*- મંત્રીઓ*
*મોહન પરીખ-સંયોજક (મેડીકલ ટ્રસ્ટ)*
*હેમુબેન કડકીયા-સંયોજક (મહિલા વિભાગ)*

## પૂનમચંદ છોટાલાલ દેસાઈ નેત્રયજ્ઞ વિભાગ

બાલાસિનોર ખાતે કે. એમ.જનરલ હૉસ્પિટલમાં ચાલુવર્ષે તા. ૪-૧૨-૨૦૦૨થી તા. ૧૨-૩-૨૦૦૩ દરમ્યાન નેત્ર સર્જન ડૉ. અરૂણભાઈ ભદ્રેએ કુલ ૧૭૮ નેત્ર ઓપરેશન કરેલાં છે. તે પૈકી નેત્રમણિ (IOL) ૧૫૫ તેમજ સાદો મોતિયો-૧૭, આંજણી-૦૩, આઈ રીપેર-૦૨ અને IOL Remove-૦૧ આમ કુલ ૧૭૮ ઓપરેશનો કરેલાં છે.

બાલાસિનોર ખાતે કે.એમ.જી. હૉસ્પિટલમાં ચાલુ વર્ષે એક ચશ્માકેમ્પનું આયોજન મુંબઈના મેસર્સ કે. મનોહર એન્ડ કંુના સહકારથી તા. ૨૨-૩-૨૦૦૩ અને તા. ૨૩-૩-૨૦૦૩ના રોજ કરવામાં આવેલું. સદર ચશ્મા વિતરણ કેમ્પમાં બાલાસિનોર તેમજ ફાગવેલ મુકામે કુલ-૮૭૨ ચશ્માનું વિતરણ કરવામાં આવેલ.

તા. ૧-૩-૨૦૦૩ થી તા. ૨૫-૩-૨૦૦૩ દરમ્યાન હૉસ્પિટલમાં સર્જન ડૉક્ટર દ્વારા કુલ ૦૮ મેજર ઓપરેશન તેમજ કુલ ૧૪ માયનોર ઓપરેશન તેમજ ગાયનેક ડૉક્ટર દ્વારા કુલ ૧૪ મેજર ઓપરેશન તેમજ કુલ ૧૦ માયનોર ઓપરેશન તેમજ ઓર્થોપેડિક ડૉક્ટર દ્વારા કુલ મેજર ઓપરેશન તથા માયનોર ૧૧ ઓપરેશન તથા ઈ.એન.ટી. ડૉક્ટર દ્વારા કુલ મેજર ઓપરેશન તથા માયનોર ઓપરેશન કુલ ૨ કરવામાં આવેલા છે.

---

### કણમાં મણ

- દાનનો સંબંધ પૈસાની માત્રા સાથે નથી પણ દાતાના હૃદય સાથે છે. પૈસો ચિક્કાર હોય છતાં દાન નથી થતું. હૃદય વિશાળ હોય તો જ દાન થાય છે.
- મનનો એક વિચિત્ર પ્રકારનો સ્વભાવ છે. એને સદ્‌ભાવમાં એટલો રસ નથી જેટલો અભાવમાં

## શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

## સંચાલિત ઓચ્છવલાલ શેઠ હાઈસ્કુલ બે શિક્ષકોનો વિદાય તથા ધો. ૧૦-૧૨ના વિદ્યાર્થીઓને શુભેચ્છા સમારંભ

આજરોજ ગુરુવાર તા. ૨૦-૩-૨૦૦૩ના દિને સવારે ૧૦.૦૦ કલાકે, વયનિવૃત્તિ લેનાર શિક્ષકો શ્રી બી.ડી. જોશી તથા શ્રી વી.જે. પંડ્યાને વિદાય આપવા તેમજ ધો. ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને શુભેચ્છા આપવા અંગેનો કાર્યક્રમ હાઈસ્કુલના કમ્પાઉન્ડમાં મંડળના પ્રમુખ શ્રી નટવરલાલ મ. કડકીઆ લટકારીના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે આગેવાન સામાજિક કાર્યકર તથા ગામની વિવિધ સંસ્થાઓમાં સેવા આપનાર શ્રી મણીકાન્ત કડકીઆ અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આચાર્યશ્રી મહેન્દ્રભાઈએ સૌનું સ્વાગત કર્યું.

કાર્યક્રમનો પ્રારંભ ધો. ૧૦-૧૧ની બહેનોએ પ્રાર્થનાથી કર્યો હતો. હાજર રહેલ હોદ્દેદારો અને મહેમાનોનું આચાર્ય શ્રી મહેન્દ્રભાઈ પટેલે પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું. જ્યારે આચાર્યશ્રીનું સ્વાગત પ્રમુખ શ્રી નટુભાઈએ કર્યું.

અતિથિવિશેષ શ્રી મણીકાન્ત કડકીઆએ પ્રાસંગિક ઉદબોધન કરતા કહ્યું તમે બોલાવી અમારું સન્માન કર્યું તે બદલ આભાર ધો. ૧૦-૧૨ના વિદ્યાર્થીઓને શુભેચ્છા અને સારી રીતે પાસ થઈ જીવનમાં ઉંચુ ધ્યેય પ્રાપ્ત કરે. શ્રી બી.ડી. જોશી તથા પંડ્યા સાહેબને નિવૃત્તિ વેળાએ શુભેચ્છા આપતા એમણે નિવૃત્તિ બાદ પણ પ્રવૃત્તિ ચાલુ રખવા ભલામણ કરી અને ઈચ્છા વ્યક્ત કરી કે તેઓ શાળા સાથે સંકળાયેલા રહે, મંડળને એમની સેવાનો લાભ મળતો રહે.

વિદ્યાર્થીઓ વતી પ્રતિભાવ આપ્યો શ્રી વિમર્શ પટેલ તથા પમીબહેન શાહે અને શ્રી નીરવ પટેલે શાળાના કર્મચારીઓ વતી શ્રી કોદરભાઈ રોહિતે પ્રતિભાવ આપ્યો હતો.

વયના કારણે નિવૃત્ત થતાં બંને શિક્ષકો શ્રી બી.ડી. જોશી તથા શ્રી વી.જે. પંડ્યાનું અનુક્રમે પ્રમુખ શ્રી નટવરલાલ કડકિયા અને ભૂતપૂર્વ પ્રમુખ તથા ટ્રસ્ટી શ્રી રસિકલાલ ગાંધીએ શાલ ઓઢાડી સન્માન કર્યું.

શિક્ષક શ્રી બી.ડી. જોશીએ શાળા સાથેના સંસ્મરણો વાગોળતા ૩૭ વર્ષના સેવાકાળ દરમ્યાનનાપ્રસંગો રજૂ કરતા ભાવવિભોર થઈ ગયા હતા. નિવૃત્તિ જીવનમાં આધ્યાત્મિક તથા માનવ સેવા કરવાની પોતાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું બાળકોના પ્રેમ સંપાદન કરી શકાયો તેનું વળતર ચૂકવી શકાય તેમ નથી. મંડળને મારી સેવા આપવા હું સદાય તત્પર રહીશ.

શ્રી વી.જે. પંડ્યાએ કહ્યું કે આ શાળાને એક એવા આચાર્ય શ્રી ગોરધનભાઈ મળ્યા હતા જેમની સુવાસ સમસ્ત જિલ્લા અને રાજ્યમાં પ્રસરી ગઈ હતી. શિક્ષણ અને શિસ્ત સાથે સાથે ચાલવાં જોઈએ.

આ સમારંભને આચાર્ય શ્રી મહેન્દ્રભાઈ પટેલ, શ્રી નવનીતભાઈ ધારીઆ, શ્રી રસિકભાઈ ગાંધી, શ્રી હીરાભાઈ પરીખ અને મંત્રી શ્રી પ્રવીણ દેસાઈએ ઉદબોધન કરતાં વિદ્યાર્થીઓને તથા નિવૃત્ત થતા શિક્ષકોને શુભેચ્છા આપી હતી.

પ્રમુખ શ્રી નટવરલાલ મ. કડકિયા (લટકારી) એ બંને શિક્ષકોને શુભચ્છા આપતા તેઓ મંડળને સેવા આપવા માટે તત્પર છે એ બદલ આનંદ વ્યક્ત કર્યો, એમની ભાવનાને બિરદાવી અને ધો. ૧૦-૧૨ના વિદ્યાર્થીઓને શુભેચ્છા આપતા જીવનમાં સફળતા પ્રાપ્ત કરે એવી ઈચ્છા વ્યક્ત કરી.

શાળાના વર્તમાન સુપરવાઈઝર શ્રી મહેન્દ્રભાઈ

પટેલે આભાર દર્શન કર્યું, જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળા સાથે સંલગ્ન શિક્ષક શ્રી હીરાભાઈએ કર્યું.

કમળા બાલમંદિરમાં નાસ્તો આપ્યો

તા. ૨૧/૩ અને તા. ૨૨/૩ના દિવસોએ મંડળ સંચાલિત બાલમંદિરમાં શ્રી બાબુલાલ કડકીઆ (મલમ) તથા શ્રી નટવરલાલ મ. કડકિયા (લટકારી) તરફથી બાળકોને નાસ્તો આપવામાં આવ્યો હતો.

રંગમંદિર ઉદ્‌ઘાટન આભાર દર્શન

જ્યોતિપુંજ ગત અંકમાં શ્રીમતી વીરમતી બેન નટવર મોદી રંગમંદિરના ઉદ્‌ઘાટનનો સવિસ્તાર અહેવાલ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં અથાગ પરિશ્રમ લેનાર શાળાઓના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ, આચાર્યા શ્રી નીરુબેન પટેલ, શિક્ષક-શિક્ષકાઓ વગેરેનો ખાસ આભાર-પ્રોત્સાહક ઈનામો આપનાર દાતાઓનો અને રંગમંચના બાંધકામમાં જાત દેરખરેખ રાખનાર શ્રી રજનીભાઈ ઠાસરાવાળાનો આભાર. શાળા સમિતિ અને ચેરમેન શ્રી મણીકાન્ત કડકીઆને અભિનંદન ખૂબ જ ટૂંકા સમયમાં તૈયાર થયેલ કાર્યક્રમ સૌ નગરવાસીઓને રસતરબોળ કરી દીધા હતા.

*પ્રવીણ દેસાઈ, જતીન દેસાઈ*
*- મંત્રીઓ*

---

## બાલાસિનોર વિદ્યામંડળ

બાલસિનોર વિદ્યામંડળ સંચાલિત સંગીતા કિરણ દોશી ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે પ.પૂ. શ્રી પુષ્કરભાઈ ગોકાણીના વ્યાખ્યાનનું આયોજન સોમવાર, તા. ૧૦.૩.૨૦૦૩, સાંજે ૫.૩૦ થી ૭.૦૦ દરમિયાન લાયન્સ કલબ હોલ, બાલાસિનોર ખાતે રાખવામાં આવેલ હતું. જેની શરૂઆત બાલાસિનોરના વતની એક પટેલ બેને પ્રભુના ભજન ગાઈને કરી હતી.વ્યાખ્યાનનનો વિષય હતો : ''જીવનની સાર્થકતા'' બાલાસિનોરના વતનીઓએ મોટી સંખ્યામાં હાજર રહી વ્યાખ્યાનનો લાભ લીધો હતો.

વ્યાખ્યાનમાં શ્રી પુષ્કરભાઈએ જણાવ્યું કે પરમાત્મા એ આપણને જીવન આપ્યું તે તેની આપણને મળેલી ભેટ છે. આપણે તેને સાર્થક જીવીએ એ પરમાત્માને આપણી ભેટ છે. સાર્થકતા કોઈને અપેક્ષાએ નહીં પણ આપણે અર્થ ભાસે તેવું જીવીએ તે સાર્થ છે. ''વન વગડે જંગલે ખીલતાં કંઈક સર્જન (ફૂલો, પતંગિયા) નથી પૂછતાં એ કદર કોણ કરશે!''

જીવનને આયુષ્યથી ભરી દઈએ તેના કરતાં આયુષ્યને જીવનથી ભરી દઈએ તે અર્થપૂર્ણ છે. સંત જ્ઞાનેશ્વર, શ્રીમદ્‌ રાજચંદ્ર, સ્વામી વિવેકાનંદ આ સૌ ચાલીસી' ની અંદર શરીર છોડી ગયા પણ જીવનને અર્થપૂર્ણ જીવી ગયા.

આપણા જ્ઞાન, માહિતિ અને શીખેલું સઘળું કાંઈ ''સમજ - Understanding માં પલટી જીવીએ તો આપણું જીવન અર્થસભર બનશે. શ્રીમદે કહેલ છે કે ''કર વિચાર તો પામ'' અહીં વિચાર એટલે આપણામાં ચાલતા તરંગોની લીલા નથી પણ સ્વપ્નવત જગત ના મિથ્યાત્વને સમજમાં ઉતારાય તેને જૈન પરીપાટીમાં વિચાર કહે છે.

આપણું આત્મતત્વ - જે સિધ્ધાંત બની રહ્યો છે તે ઓળખાય તેમાં સાર્થકતા રહેલી છે. 'કશું કર્યા વિના બેસવાથી' એ આત્મતત્વ નિરખી આવશે અને લીલોતરી એની મેળે ખીલી ઉઠશે.

બાલાસિનોર વિદ્યામંડળ સંચાલિત સંગીતા કિરણ દોશીના ઉપક્રમે વર્ષમાં બે વાર વિખ્યાત વક્તાનું જાહેર વ્યાખ્યાનનું આયોજન થાય છે. એકવાર કોલેજના વિદ્યાર્થીઓ માટે કોલેજ કેમ્પસમાં તથા બીજીવાર બાલાસિનોરના વતનીઓ માટે બાલાસિનોર ગામમાં.

*લી. બાલાસિનોર વિદ્યામંડળના*
*કારોબારી સમિતિના હોદ્દેદારો*

## શ્રી પુષ્કરભાઈનો પરિચય

સૌરાષ્ટ્રના એક ગણનાપાત્ર લેખક અને શબ્દથી પાર જવાની મનીષા સેવનાર તથા દ્વારકાની સાહિત્યિક તથા શૈક્ષણિક પ્રવૃત્તિઓના પ્રાણસમા શ્રી પુષ્કરભાઈ

ગોકાણીનો જન્મ ૨૩ જૂન ૧૯૩૧ના રોજ દ્વારકામાં થયો હતો. નાનપણથી જ સાહિત્ય લેખ વગેરેની હોંશ એમને રહેતી જે પ્રાથમિક શાળાકક્ષાએ પણ તેમને 'વિદ્યાર્થી' હસ્તલિખિત અંક તૈયાર કરવા પ્રેરતી હતી. પછી તો ઉંમર સાથે એ હોંશ વધતી ચાલી જેણે એમને વિવિધ ક્ષેત્રોમાં અભ્યાસ અને લેખન કરવા સતત પ્રેરણા આપી. વલ્લભવિદ્યાનગરની એંજીનીયરીંગ કોલેજમાંથી સિવિલ એન્જિનીયર તરીકે બહાર આવ્યા અને દ્વારકામાં એને અનુરૂપ દુકાન-વ્યવહાર સંભાળ્યો પરંતુ એતો એમની જીંદગીની નહિવત હકીકત જ ગણાય. બાકી 'અખંડઆનંદ', 'જનકલ્યાણ', 'પરબ', 'કુમાર', 'નવચેતન', 'પથિક', 'નવનીત સમપર્ણ' વગેરે અનેક સામયિકોમાં અવાર નવાર એમના લેખો જોવા મળે છે અને એ જ એમનું મુખ્ય પ્રવૃત્તિક્ષેત્ર બની રહે છે. સમાનધર્મી વિચારકો અને સંગઠનોને પણ પુષ્કરભાઈનો સક્રિય રચનાત્મક ફાળો મળી જ રહે. કોઈ પરિષદ કે સંમેલન ભરવાનું હોય તો તેની વ્યવસ્થા સહજ રીતે સ્વીકારી લે અને એટલી જ સહજ રીતે રેડીઓ વાર્તાલાપ અને મુલાકાત આપતા રહે છે.

એમનો ધર્મ-અધ્યાત્મમાં ઊંડો રસ તો એમની જોડે સાધારણ વાતચીત કરનારને પણ સ્પષ્ટ રીતે દેખાઈ આવે. સ્વામી પ્રકાશાનંદજી, પાંડુરંગ શાસ્ત્રી, રજનીશજી, યુ.જી. કૃષ્ણમૂર્તિ વગેરે અનેક સાધુ સંતોના શક્ય એટલા નિકટ પરિચયમાં આવેલા એટલું જ નહિ પણ એ સૌના લખાણોનો તલસ્પર્શી અભ્યાસ કરી તેને લગતા અનુવાદો આપવા, એ બધું સમજાવવા સરળ ભાષામાં એનું વિવેચન કરતાં રહેવું, કદીક પ્રવચનો માર્ફત પણ આ બધાંનો સારભાગ આપતા રહેવું વગેરે એમની અનેકવિધ કામગીરી જાણીએ ત્યારે ઘડીભર એમજ થઈ આવે કે શું પુષ્કરભાઈનો દિવસ પણ ૨૪ કલાકનો જ હશે?

## બાલાસિનોર વિદ્યામંડળ
## દાતાઓનો આભાર

૧) મુરબ્બી શ્રી રમણિકલાલ લલ્લુભાઈ ધારીઆ તથા તેમના પરિવાર તરફથી શ્રીમતી લીલાબેન રમણિકલાલ ધારીઆની મધુર યાદમાં ''શ્રીમતી લીલાબેન રમણિકલાલ ધારીઆ'' ગર્લ્સ સ્ટડી રૂમ માટે રૂા.૨,૫૦,૦૦૦/- (અંકે રૂ. બે લાખ પચાસ હજાર)નું માતબર દાન સંસ્થાને પ્રાપ્ત થયું છે.

વિદ્યાર્થીઓ મટેના અલાયદા સ્ટીડ રૂમની લાંબા સમયથી મુલત્વી રહેલી પ્રાથમિક જરૂરિયાત મુરબ્બી શ્રી રમણિકભાઈએ સંસ્થાની જાહેર અપીલ ને માન આપી આ દાન દ્વારા પૂરી કરી છે.

૨) ચંદુલાલ અમૃતલાલ પરીખ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી સ્વ. શ્રીમતી સુશીલાબેન નટવરલાલ પરીખ (વોરા) ની મધુર યાદમાં તેમના પરિવાર તરફથી 'સુશીલાબેન નટવરલાલ પરીખ' (વોરા) લેંગ્વેજ લેબોરેટરી માટે રૂા. પાંચ લાખનું માતબર દાન સંસ્થાને પ્રાપ્ત થયું છે.

આ દાનને પરિણામે બાલાસિનોર ખાતે આવેલી આપણી આર્ટસ અને કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓ વિવિધ ભાષાના ઉચ્ચારો, વકૃત્વ તથા સાહિત્ય ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રભુત્વ સ્થાપી શકશે.

આવી આધુનિક શૈક્ષણિક સવલતો વલ્લભ વિદ્યાનગર ખાતેની કોલેજ તેમના વિદ્યાર્થીઓને પૂરી પાડે છે. હવેથી આપણે પણ આવી સુવિધાઓ વિદ્યાર્થીઓને સરળતાથી ઉપલબ્ધ કરી તેમનો શૈક્ષણિક તથા સાંસ્કૃતિક વિકાસ સાધવાનું ગૌરવ લઈ શકશું. સંસ્થાના હોદ્દેદારો તથા કારોબારી સમિતિના સૌ સભ્યો બંને દાતાઓનો તથા પરિવારજનોનો હાર્દિક આભાર જાહેરમાં વ્યક્ત કરે છે તથા પ્રભુને તેમના સૌના સુખ, સમૃદ્ધિ તથા તંદુરસ્તી માટેની પ્રાર્થના કરે છે.

***લી. બાલાસિનોર વિદ્યામંડળના કારોબારી સમિતના સભ્યો***

# ટૂથપેસ્ટ કેટલું ઉપયોગી?

આજકાલ છાપાઓમાં પહેલે જ પાને ટૂથપેસ્ટની રંગીન જાહેરાતો આવે છે. ચોઈસ, બબુલ, કોલગેટ, સ્ટાઝ, એન્કર વગેરે ગ્રાહકોને ખરીદવા, લલચાવવા એકની કિંમતમાં બે, સાથે બ્રશ મફત, ઢાંકણાંમાં બાળકોને મનગમતું ચિત્ર, તેવાં થોડા ચિત્રો લાવનારને વળી કંઈક નવી ભેટ એમ સસ્તું કરીને વેચવાની હરીફાઈ ચાલે છે. કોઈક વળી શાળાનાં બાળકોને ભેટ પણ આપે છે. કેટલીક ટૂથપેસ્ટ વળી '૧૦૦ ટકા વેજીટેરીયન' એવું પણ જાહેરાતમાં લખે છે.

પણ ટૂથપેસ્ટ પોતે દાંત માટે કેટલી ઉપયોગી છે તે જ પ્રશ્ન વિચારવા જેવો છે. રોજ દાંત સાફ કરવા માટે અગાઉ બાવળ, લીમડો, આવળ, વડ, મેંદી, કણજ-વગેરેનાં દાતણ કરવાનો રિવાજ હતો. એક વેંત જેવડી આંગળીની જાડાઈની આ વનસ્પતિની લીલી ડાળખીને મોમાં ચાવી ચાવીને તેનો કૂચો કરાતો. ચાવતાં ચાવતાં થૂંકવાથી વાસી થૂંક બહાર નીકળી જતું. વનસ્પતિનો રસ દાંત-પેઢાંને મજબૂત કરતો. પછી કૂચાથી દાંત ઘસવામાં આવતા. અને છેલ્લે તેને વચ્ચેથી ફાડી ઊલ ઉતારવામાં આવતી જેથી જીભ ચોખ્ખી થઈ જતી.

હવે તે રિવાજ લગભગ લુપ્ત થતો જાય છે. દાતણ લોકોને ગંદુ લાગે છે, અગવડભર્યું લાગે છે. તેને બદલે દંતમંજન (ટૂથપાવડર), કે ટૂથપેસ્ટ, ટૂથબ્રશ અને ધાતુ કે પ્લાસ્ટિકનું ઉલિયું રાખવામાં આવે છે. બ્રશ-ઊલિયાનો ઉપયોગ કર્યા પછી તેને ધોઈ, લુછીને બીજીવાર ઉપયોગમાં લેવાય છે. દંતમંજન આંગળીથી ઘસવા જતાં બે દાંત વચ્ચેની જગ્યામાં સફાઈ નથી થતી. બ્રશથી દંતમંજન ઘસવા જતાં બ્રશનાં મૂળમાં દંતમંજનના કણો ભરાઈ રહે છે. તેથી બ્રશ બરાબર સાફ થતું નથી. તેથી પેસ્ટ સૌને બરાબર ફાવે છે. પેસ્ટ પાણીમાં સંપૂર્ણપણે ઓગળી જાય છે. તેથી બ્રશ સાફ થઈ જાય છે.

દંતમંજન બનાવવા આયુર્વેદમાં અનેક રીતો બતાવી છે. લાકડાનો કોલસો, ગેરૂ, ચોક, છાણી, રાખ જેવા પદાર્થો મુખ્યત્વે લઈ તેમાં દાડમની છાલ, સિંધવ, ઈજમીટ, કપુર, લવીંગ, ફુલાવેલી, ફટકડી-વગેરે લઈને ગાળીને દંતમંજન બનાવાય છે. તેનાથી દાંત સાફ થાય, તેમને અને અવાળાંને પોષણ મળે, મોં ચોખ્ખું થાય અને ગંધ પણ દૂર થાય... આ પણ આયુર્વેદિક દંતમંજનોમાં બધા કણ પાણીમાં ઓગળી જાય તેવા નથી હોતા. વિદેશી કંપનીઓના ટૂથપાવડર પાણીમાં ઓગળી જાય તેવા હોય છે. તેમાં કેલ્શ્યમનું મુખ્ય પ્રમાણ હોય, તે સાથે થોડું ગળપણ, થોડું ઝમઝમાટ થાય તેવું અને સફેદી વધારે તેવું ડિટર્જન્ટ વપરાય છે. આ બધાને કારણે દાંત સાફ થયા છે તેવો ખ્યાલ રહે છે.

કેલ્શ્યમ માટે કતલખાનામાં કપાતાં પશુઓનાં હાડકાંનો ભૂકો અમુક વિદેશી કંપનીઓ વાપરે છે તેવી માન્યતા કે જાણકારી વ્યાપક થઈ છે. નફો મેળવવા અને હરિફાઈમાં ટકવા માટે સસ્તામાં સસ્તી ચીજ વપરાય તે સ્વાભાવિક છે.

દાંતના દાક્તરોને ત્યાં દાંત સાફ કરવાની સૂચનાઓના ચાર્ટ લગાવેલા હોય છે. તેમાં જેટલી વાર ખાઈએ તેટલી વાર ખાધા પછી દાંત સાફ કરવાની સલાહ છાપેલી હોય છે. ટૂથપેસ્ટ બનાવનાર કંપનીઓ જ આવા ચાર્ટ દાક્તરોને આપે છે. બાળકોને આકર્ષવા રંગીન ચિત્રો તેમાં હોય છે.

ટી.વી. પર ટૂથપેસ્ટ બનાવનાર કંપનીઓ જાહેરખબરો આપે છે. તેમાં બ્રશ પર લગભગ બેથી

ત્રણ સેન્ટીમીટર જેટલી પેસ્ટ લગાડવાનું બતાવવામાં આવે છે. વળી, જેમ ટૂથપેસ્ટ જથ્થામાં, તેમ તેનું મોઢું પણ મોટું. ૫૦ ગ્રામની ટૂથપેસ્ટ બહાર નીકળે ત્યારે બે થી ત્રણ સેન્ટીમીટર જેટલી થાય તેના કરતાં ૨૦૦ કે ૨૫૦ ગ્રામની તેટલી જ લંબાઈની ટૂથપેસ્ટ વધારે માત્રામાં થાય. ટૂથપેસ્ટની ટ્યુબનું મોઢું મોટું હોય છે. આથી જેમ ટ્યુબ જાડી, તેમ વપરાશ વધુ થાય છે.

આ જાહેરાતોને અનુસરીને દિવસમાં ત્રણ ચાર વાર જાડી ટ્યુબની પેસ્ટ પૂરા બ્રશ પર લઈ બાળકો દાંત ઘસે, તો થોડા જ દિવસમાં તેમના દાંત ખરાબ થઈ જાય અને અવાળાં સૂઝી જાય. મો ખોલવાનું પણ અઘરું થઈ જાય. બ્રશથી દાંતને વધારે ઘસવાથી ઝાટકો લાગે. વધુ ઠંડી કે વધુ ગરમ ચીજ ખાતાં પીતાં પણ તેમ થાય. વળી, પેસ્ટમાં ભલે સુક્ષ્મ માત્રામાં પણ ડિટર્જન્ટ હોય છે. તેની પણ અવળી અસર અવાળાં, જીભ, તાળવાંની કોમળ ચામડી પર થાય છે.

આ સંગોજોમાં ટૂથપેસ્ટ વાપરવામાં ખૂબ કાળજી રાખવી જરૂરી છે. બ્રશ પર પેસ્ટ લગાડવાથી ઘણીખરી પેસ્ટ બ્રશમાં જ દબાઈ જાય છે. તેથી બન્ને હાથ ધોઈ, ડાબા હાથની હથેળી ઉપરના ઉપસેલા ભાગ પર ટૂથપેસ્ટનું ટપકું-લાંબી સેર નહીં મૂકવું. બ્રશને પાણીમાં પલાળી સહેજ ટૂથપેસ્ટ લઈ ઘસવાથી બે દાંત વચ્ચેની જગ્યા ઝડપથી સાફ થાય છે.

દર વખતે ટૂથપેસ્ટ કેટલી વાપરવી તે વિશે વિચાર્યા પછી હવે દિવસમાં કેટલીવાર ટૂથપેસ્ટ વાપરવી તે વિચારીએ.

સામાન્ય રીતે બાળકો તો દિવસમાં અનેકવાર ખાય છે. મોટેરાંઓ પણ ત્રણ-ચાર વાર ખાતાં હોય છે. દર વખતે કોઈ પેસ્ટ-બ્રશની જરૂર પડવી ન જોઈએ. રાત્રે સૂતાં પહેલાં સહેજ પેસ્ટ લઈને બ્રશ કરવાથી દાંતમાં ભરાયેલ ખોરાકના કણો સાફ થઈ જાય છે. દિવસભર ખાધા પછી કોગળા કરવાથી અને દાંત પર આંગળી ઘસવાથી કામ ચાલી જાય છે. સૂતાં પહેલાં રાત્રે જો પેસ્ટ લઈને બ્રશ ઘસી દાંત સાફ કર્યા હોય તો પછી સવારે ઊઠીને ફરી બ્રશ ન ઘસીએ તો ચાલી જાય. સવારે ચાવીને દાતણ કરી શકાય કે આંગળી પર ટૂથપાવડર લઈ દાંત ઘસી શકાય. ટૂથપાવડરને બદલે મીઠું પણ ઘસી શકાય. આમ કરવાથી દિવસમાં માત્ર એક જ વખત સહેજ ટૂથપેસ્ટ વાપરવાથી દાંત ચોખ્ખા રહી શકે. પૈસાય બચે અને દાંત ય બચે!

ટૂથપેસ્ટ વાપરવી તો કઈ વાપરવી? સામાન્ય રીતે વાપરનાર સસ્તું અને સારું શોધે છે. દાંતને ઝટ ઉજળા કરનાર પેસ્ટ ડિટર્જન્ટની માત્રા વધુ હોવાની શંકા પડે છે. હાડકાંનો ભુકો વાપરનાર વિદેશી કંપનીની ટૂથપેસ્ટ વાપરવાથી ધાર્મિક લાગણી દૂભાય છે. વળી, વિદેશી કંપનીઓ સ્વદેશી ભાવનાને ઠેસ પહોંચાડી આપણાં અર્થતંત્રને નુકશાન કરે છે. બહુ જાહેરખબર આપનારી કંપનીઓની ટૂથપેસ્ટમાં ૪૦ ટકા સુધી જાહેરખબરનો ખર્ચ ચડતો હોઈ ટૂથપેસ્ટ મોંઘી પડે છે અને તેમાં માલ ઓછો હોય છે. કેટલીક કંપનીઓ આયુર્વેદિક વનસ્પતિવાળી 'હર્બલ' ટૂથપેસ્ટની જાહેરાત કરે છે. તેમાં ઝાઝું તથ્ય હોતું નથી. તેમાં વપરાયેલ વનસ્પતિની માત્રાનો સરવાળો કરવાથી ખબર પડશે કે ૨૦૦ ગ્રામમાં માંડ ૧૦-૧૫ ટકા વનસ્પતિ હોય છે. બાકી તો બધાં રસાયણો જ હોય છે.

મણિનગરમાં એક દંતવૈદ્ય પોતાનો બનાવેલો ટૂથપાવડર દીવેલ કે તલના તેલમાં કાલવી તેનો ઉપયોગ કરતા, પણ તેનાથી મોમાં ચીકાશ રહેતી, બ્રશ પણ ચીકણું રહેતું એટલે તે રીત લોકોને પસંદ ન પડી.

ટૂંકમાં, વિદેશી કંપનીની ઓછી જાહેરતાવાળી ૧૦૦ ટકા વેજિટેરિયન કે હાડકાંનો ભૂકો નથી વપરાયો

એવું લખાણ હોય તેવી ૨૦૦ કે ૨૫૦ ગ્રામની ટૂથપેસ્ટ વાપરવાથી અને દિવસમાં એક જ વાર તેનું ટપકું વાપરવાથી પૈસા -દાંત-દેશનું અર્થતંત્ર અને ધર્મની રક્ષા થાય છે.

નોંધ : ઉપરની વિગતો લખ્યા પછી તા. બીજી ડિસેંબરનાં 'ગુજરાત સમાચાર'માં 'આસપાસ'ની કટારમાં શ્રી કાન્તિ ભટ્ટ ટૂથપેસ્ટ વિશે કેટલીક ઉપયોગી માહિતી આપે છે તે પણ જોઈએ.

''સ્કૂલોનાં બાળકો દ્વારા ટૂથપેસ્ટ, ચોકલેટ, કોલાનાં પીણાં, એનર્જી, ડ્રિંકસ વગેરે ચીજોનું પ્રોમોશન-પબ્લિસીટી પણ થાય છે. ઘણાં બાળકોને ચીજોનાં સેમ્પલો પણ આપવામાં આવે છે. સ્કૂલોમાં આવા પ્રચારકોને કેમ ઘૂસવા દેવામાં આવે છે? સ્કૂલોના પ્રિન્સીપાલોને લાલચ અપાય છે?

હકીકતમાં તો આપણા દાંત માટે ટૂથપેસ્ટની જરૂર જ નથી. દાંતે મીઠું અને સરસવનું તેલ ઘસવાથી દાંત કદી દુઃખતા નથી. જમીને મીઠાંના પાણીના કોગળા જ કરવાની જરૂર છે. ટૂથપેસ્ટમાં અનેક હાનિકારક રસાયણો છે. સોડિયમ મેટોફોસ્ફેટ, હાઈટ્રેડેટ એલ્યુમીના, ડાયોકટીલ સોડિયમ સ્ફોનેટ અને પી-હાઈડ્રોઝાયેલ બેન્ઝામેટ જેવા રસાયણો દાંતને હાનિ કરે છે. ટૂથપેસ્ટ દાંતને પોષણ નથી આપતી. તલનું કે સરસવનું તેલ પેઢાંને મજબૂત કરી મીઠાંનાં સંયોજનથી કીટાણુને મારે છે.''

દાંતની ચિંતા કરનારાઓએ આ બધી વિગતો જોતાં ટૂથપેસ્ટની જાહેરાતો પાછળની વેપારી દ્રષ્ટિ સમજી પોતાને અને પોતાનાં પરિવારને તેનાથી અળગા રાખવાની કે ઓછામાં ઓછો વપરાશ કરી ઓછું નકશાન થાય તેમ કરવાની જરૂર છે.

***(જાન્યુ. ૨૦૦૩ શિવામ્બુ માસિકમાંથી સાભાર)***

❐ ***જગદીશ શાહ***

- શુભદર્શનનો વિકલ્પ જાત અને ખુલ્લો રાખો. અહં પેદા નહિ થાય. સ્નેહદર્શનનો વિકલ્પ જગતના જીવો પ્રત્યે ખુલ્લો રાખજો દુર્ભાવ પેદા નહિ થાય.
- નિષ્ફળતા સ્વાભાવિક છે અને એ માનવજીવનનું સૌંદર્ય છે.
- પૃથ્વીની જેમ બધું સહન કરવાની શક્તિ પ્રાપ્ત કરો.

# જ્યોતિ પુંજ (માસિક)

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર (સેન્ટ્રલ રૂલ્સ) અન્વયે ''જ્યોતિપુજ'' પત્ર અંગેની માહિતી ફોર્મ નં.૪

(જુઓ રૂલ્સ નં.૮)

| | | |
|---|---|---|
| **૧. પ્રકાશકનું સ્થળ** | : | શ્રી બાલાસિનોર નવયુવક સંઘ, ૧૧૮/૧૨૦, અરદેશર સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. |
| **૨ પ્રકાશકની સામાયિકતા** | : | માસિક |
| **૩ મુદ્રક અને પ્રકાશકનું નામ** | : | નિખિલ બી. પરીખ |
| **રાષ્ટ્રીયતા** | : | ભારતીય |
| **૪ તંત્રીનું નામ** | : | નિખિલ બી. પરીખ |
| **૫ જે વ્યક્તિઓ આ અખબારના માલિક હોય કુલ થાપણના એક ટકાથી વધારે થાપણના નામ તથા સરનામા** | : | શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ૧૧૮/૧૨૦, અરદેશર-દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. |

હું નિખિલ બી. પરીખ આથી જાહેર કરું છું કે, ઉપર દર્શાવેલ વિગતો મારી જાણ અને માન્યતા મુજબ તદ્દન સાચી છે.

**મુંબઈ** **(સહી) નિખિલ બી. પરીખ**

**તા. ૧૪-૪-૨૦૦૩** **પ્રકાશક : જ્યોતિપુંજ**

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧ વિપુલ ચીમનલાલ પરીખ (લાય)
ફ્લેટ નં.૬૬, બ્લોક નં.૮,
શ્યામ નિવાસ કૉ.ઓપ.સોસાયટી, બ્રીચ કેન્ડી,
મુંબઈ-૪૦૦૦૩૨.
ફોન નં.: ૨૩૬૮૨૯૯૯

૨ અમર વિઠ્ઠલદાસ ગાંધી
૨૦૩ પેનોરમા એપાર્ટમેન્ટ
જયસુખલાલ મહેતા માર્ગ,
ગ્રીન સ્ટ્રીટ, સાંતાક્રુઝ (વે)
મુંબઈ-૪૦૦૦૫૪.
ફોન : ૨૬૦૪૪૭૭૦

3 Mihir Jitendra Shah (Chakva)
11E BELL ROAD, APT.336, PHOENID,
AZ - 85022
Ph : 602 564 0032
Mob : 602 369 4882

૪) ધારીઆ બાબુલાલ શાંતિલાલ (ધરીઆ બાપની )
બી-૨, ૨૦૨ શ્વેતા બિલ્ડિંગ,
આશાનગર, કાંદિવલી(ઈ)
મુંબઈ-૪૦૦૧૦૧

૫) શ્રીમતી સોનલ નીલેશ શાહ
૧૯૦૧ શ્રીપથી આર્કેડ
ઓગસ્ટ ક્રાંતિ માર્ગ
નાના ચોક, મુંબઈ-૪૦૦૦૩૬.

૬) ડૉ. ધવલ મુળજીભાઈ ગાંધી
ડૉ. દર્શના ધવલ ગાંધી
શ્રીમતી કુસુમબેન મુલજીભાઈ ગાંધી
૫૦૧, ૫મે માળે, ક્રીસેન્ટ હાઈટ્સ,
વી.એન. નાઈક માર્ગ, ફોરજેટ સ્ટ્રીટ,
ભાટીયા હૉસ્પિટલની સામે, તારદેવ,
મુંબઈ-૪૦૦૦૩૬.
ફોન: ૨૩૮૮૧૨૨૯, ૨૩૮૨૯૦૭૧

7 Rakesh N. Shah (Barodawala)
14008 Bromfield Road,
Germon Town MD 20874
U.S.A. Tel : 001-301-528-7447

## તેજસ્વી તારલાં


ડૉ. સ્ટેલા શૈલેશ પરીખ સી.પી.એમ.માં મહારાષ્ટ્ર રાજ્યમાં પ્રથમ આવ્યા છે તથા એમ.ડી.ચેસ્ટમાં મુંબઈ યુનીવર્સીટીમાં બીજા ક્રમાંકે પાસ થયા છે. સંસ્થાવતી તેઓને અભિનંદન તથા ઉજ્જવળ કારકીર્દીની શુભકામના.

## બાલાસિનોરનું ગૌરવ

માહારાષ્ટ્ર શાસને રમેશ કાન્તીલાલ પરીખ (માછલી)ને વિશેષ કાર્યકારી અધિકારી (S.E.O.) તરીકે નિયુક્ત કર્યા છે. તેઓનું સરનામું નીચે મુજબ છે. તેઓની સેવાના લાભ લેશો.

**ઘરનું :** અશોકનગર 'બી' બિલ્ડિંગ નં. ૨.કો.હા.ઓ.લી.
'એ' વીંગ, ફ્લેટ નં.૪૦૨, વજીરાનાઠા, બોરીવલી (વેસ્ટ)
મુંબઈ-૪૦૦૦૯૧. ટેનં.૨૮૩૩૨૦૪૦
**ઓફિસ :** માર્ક ઈન્ડિયા
૧૧૧, રામજી ઠાકરશી બિલ્ડિંગ, ૩જે માળે, રૂમ નં.૯, લુહાર ચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
ટેનં. : ૨૨૦૬૭૫૮૯

**બાલાસિનોર વાસીઓની સગવડ માટે વધુ એક પ્રયાસ જ્યોતિપુંજના પ્રકીર્ણ વિભાગ માટે**
**E-mail Address - vadsol@balasinor.org**



# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
# શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા (ધરીવાળા) પુરસ્કૃત
# કોમ્પ્યુટર શિક્ષણ યોજના

આપ સૌની જાણ ખાતર કોમ્પ્યુટર શિક્ષણ યોજનાનો લાભ ૨૨૫ જણ લઈ ચુક્યા છે.

આ યોજનામાં સ્કુલમાં અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણિઓ, સીનીયર સીટીઝન આનો લાભ લઈ શકશે. આ યોજનામાં WINDOWS, MSDOS, MS OFFICE, INTERNET અને EMAIL શીખવાડવામાં આવશે.

આ પ્રવૃત્તિ માટે નીચે મુજબ જણાવેલ સંસ્થાઓ સાથે મળીને આનો લાભ દરેક મુંબઈ તથા પરામાં રહેતા લોકોને આપવાનું વિચાર્યું છે.

1) Keerti Computer Institute - Kalbadevi, Ph : 22000666

2) Plus Point Infotech (P) Ltd. ના સેન્ટરો

Kandivali (w) ✆ : 2863 5659

Dahisar (E) ✆ : 2894 0919 Virar (W) ✆ : 95250-2510193

Sterlite Foundation ના સેન્ટરો

| | | |
|---|---|---|
| (1) Andheri (W) | (2) Bhayander (W) | (3) Dombivali (E) |
| (4) Dahisar | (5) Goregaon (W) | (6) Lower Parel |
| (7) Mira Road (E) | (8) Marine Line | (9) Matunga (E) CR |
| (10) Sion | (11) Vile Parle (E) | (12) Worli |
| (13) Worli (Sea Face) | | |

આ યોજના માટે સંસ્થામાં આનું ફોર્મ ભરવું જરૂરી રહેશે, ફોર્મની સાથે રૂા. ૭૫૦/-રોકડા અથવા ચેક અને એક ફોટો આપવાનો રહેશે. સફળતા પૂર્વક કોર્સ પુરો કરી, સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને રૂા. ૫૦૦/- ચેકથી પાછા આપવામાં આવશે.

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસે સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી સમીર જયેન્દ્ર ગાંધી (લુહારચાલ) મંત્રીશ્રી શીરીષ પરીખ (Blossom Cards) તથા પ્રમુખશ્રી અસીત દેસાઈ (Impex Agency) - Nagedevi અને Chandresh Enterprise Corpn. Lohar chawl થી મળશે.

આ અંગેની વધુ જાણકારી માટે સંયોજક સમીર જ. ગાંધીનો સંપર્ક સાધવો.

**Samir Jayendra Gandhi**

**Tel : (O) 22060294 / 22038077 (R) 23879098**

C/o. Nikoshi Trading Co., Room No. 12/5, 1st floor, Carmellos building,
63/67, Pathak wadi, Lohar Chawl, Mumbai - 400 002.

| | |
|---|---|
| ***મંત્રી*** | ***સંયોજક*** |
| ***શીરીષ પરીખ*** | ***સમીર જયેન્દ્ર ગાંધી*** |